Shree Dharmachakra Prabhav Tirth,Nashik
ISSN 0250-975X

ભાષાવિમર્શ

સંપાદક : હરિવલ્લભ ભાયાણી

પુસ્તક ૪] [અંક ૪

ઑક્ટોબર : ૧૯૮૧

(પ્રકાશિત : ફેબ્રુઆરી ૧૯૮૨)

શાન્તિભાઈ આચાર્ય : બોટાદ વિસ્તારની ગુજરાતી બોલી-૨ ૧૪૧

ભારતી મોદી : એક અભિગમ : થોડું અવલોકન ૧૫૫

અત્રતત્ર : ૧. પાણિનિવ્યાકરણ અંગે સાર્વદેશીય પરિસંવાદ (જયદેવભાઈ શુક્લ) ૧૭૯

૨. 'સિંક્રનિક' અને 'ડાયક્રનિક'નો વિરોધ

અવલોકન : સ્વામી આનંદકૃત 'જૂની મૂડી' (હ. ભાયાણી) ૧૮૭

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભાષાવિમર્શ

- 'ભાષાવિમર્શ'માં ભાષાવિજ્ઞાન તથા ગુજરાતી અને ઇતર ભારતીય ભાષાઓને લગતા મૌલિક સંશોધન-અધ્યયન-લેખો, એમના અનુવાદ, ગ્રંથસમીક્ષા વગેરે પ્રકાશિત થશે.
- વર્ષનાં ૨૦૦થી ૨૫૦ પૃષ્ઠ, ચાર અંક, અનુક્રમે જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબરમાં પ્રકાશિત.
- વ્યક્તિ માટે વાર્ષિક રૂ. ૧૫–૦૦, સંસ્થા માટે વાર્ષિક રૂા. ૨૦–૦૦; છૂટક અંકની કિંમત રૂ. ૪–૦૦
- લવાજમ, વિનિમય માટેનાં સામયિકો વગેરે મોકલવાનું સરનામું :
  મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ
  ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ–૩૮૦૦૦૯
  ■ ટે. નં. ૭૭૯૪૭
- લેખો અને અવલોકન માટેનાં પુસ્તકો મોકલવાનું સરનામું :

  હરિવલ્લભ ભાયાણી
  ૯, હાઈલેન્ડ પાર્ક, ગુલબાઈ ટેકરો,
  અમદાવાદ – ૩૮૦ ૦૧૫
- પ્રબંધ : વાડીલાલ ડગલી, શિવકુમાર જોશી, રઘુવીર ચૌધરી

આ અંક સાથે વર્ષ પૂરું થતું હોવાથી નવા વર્ષનું લવાજમ જેમણે હજુ ન મોકલ્યું હોય તેઓ તરત જ મોકલી આપે એવી વિનંતી છે.

પ્રકાશક : રઘુવીર ચૌધરી, મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ,
ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ–૯
મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, અમદાવાદ–૧ ફોન : ૩૯૨૫૧૨

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભાષાવિમર્શ

ઑક્ટોબર : ૧૯૮૧

બોટાદવિસ્તારની ગુજરાતી બોલી-૧

('ટણક' કથાનું વિશ્લેષણ)

શાન્તિભાઈ આચાર્ય

પૂર્વભૂમિકા

બોટાદ એ સૌરાષ્ટ્રની દક્ષિણે આવેલા ભાવનગર જિલ્લામાં આવેલું છે. જિલ્લાના દસ તાલુકા અને બે મહાલ મળીને કુલ બાર તાલુકા-મહાલોમાંનું આ તાલુકામથકનું શહેર છે. બોટાદ તાલુકો ભાવનગર જિલ્લાની પૂર્વોત્તર દિશાએ આવેલો છે.

૧૯૭૭ની વસ્તીગણતરી અનુસાર તાલુકાની વસ્તી, ૪૭૯૪૨ પુરુષો અને ૪૫૨૦૨ સ્ત્રીઓ મળીને કુલ ૯૩૨૪૪ની છે. આમાંથી ૧૬૭૨૦ પુરુષો અને ૧૫૪૫૯ સ્ત્રીઓ મળીને કુલ ૩૨૧૭૯ની વસ્તી તો બોટાદ શહેરની જ છે. તેમાં અનુસૂચિત જાતિની વસ્તી ૧૨૧૨ પુરુષો અને ૧૦૭૦ સ્ત્રીઓ મળીને કુલ ૨૨૮૨ની છે અને અનુસૂચિત જનજાતિની વસ્તી ૩ પુરુષો અને ૫ સ્ત્રીઓ મળીને કુલ ૮ની છે.

૦ : ૨ ભાષકવિશેષ

આ કેન્દ્રમાંથી પરસોતમ અગોલા અને ચંદુલાલ અગોલા નામના બે ભાષકવિશેષને પસંદ કરવામાં આવ્યા હતા. જ્ઞાતિએ આ બંને કડવા પટેલ હતા. તાલુકાના નજીકના ગામેથી આવીને આ બંને માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા હતા. બંનેની ઉંમર આશરે ૧૨ થી ૧૪ વર્ષની આસપાસની હતી.

આમાંની પહેલી કથા પરસોતમ પાસેથી અને બીજી ચંદુલાલ પાસેથી ધ્વનિમુદ્રિત કરવામાં આવી હતી. બંને કથામાં અર્થની સ્પષ્ટતા માટે જ્યાં જ્યાં કંઈક ઉમેરવાની જરૂર લાગી છે ત્યાં ત્યાં ઉમેરો કૌંસમાં મૂક્યો છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અહીં પહેલી કથા જ આપી છે. બીજી કથા પણ વહેલી તકે આપવાની નેમ છે.

૧ : ૦ ભાષાસામગ્રી

ટણુક

એક ડોયૂશી (હતી.) એનો એક સોકરો હતો. તય સાવ ગરીબ હતા. તય રળવા ઝાય એ સોકરો. ઈમા એ ગેડયો એક કાપતો ઝાય સે. ઈમા સામે એક બઈ મળે સે. (એનો) સોકરો બઉ રુવે સ્ તી (ઈ બઈ ગેડયાવાળા સોકરાને) કે 'એલા કાન અમળાવીન અમળાવીન મારગમાં બેસ્ ને તે (આ સોકરો) કે સાનો રેતો નથી તે.' (ટણુક) ઈને કે 'હું નોં બેસાડું.' તો (બઈ) કે 'બેસારતો ઝાકે.' તે (રુવેસ્ ઈ સોકરાને) કાન અમળાવી અમળાવીને બઝાર વચ્ચે બેસાયૂરો અને એ તો હાલતો થ્યો.

. તે ભાભો નાતો તો. (ઈ ભાભો) કે 'એલા વાંસો કરતો ઝાને કે, ટણુક કે?' તે કે 'હું ન આવું કે, મારે કામ સે.' તો (ભાભો) કે 'કામ હોય તોય આવવુ પડ઼ે કે, હાયૂલ કયે વાંસો કરવા.' તે (ટણુક) વાંસો કરવા ઝાય સ્. તે (ભાભો) કે 'હયૂઝી ભીંસુ દે, ભીંસ દે.' એમ એમ કરતે કરતે એને તળાવમાં નાયૂખી દીધો, ને હાલતો થ્યો.

ત્યા એક રબારી ભેંયૂશુ સારતો તો ઈ આયો. કે 'એલા, (ટણુક) ઓયલી ભેંયૂશને વાળજે કે બઉ કંદયળ કંદયળ કરે સ્. એક ગેબ્યો મેયૂક મુમાં તે મરી ઝાય.' તે ઓયૂલે તે એક ગેડ્યો માયૂરો તે ભેંયૂશ મરી ઝઈ અને (ટણુક) હાલતો થ્યો.

તાં ખડ઼ લેતા સન્ધાય બયૂરા કે 'એલા ટણુકભાઈ, ટણુકભાઈ, સડ઼ાવો અમને, આવોને.' ટણુક કે 'હું નથ આવતો સડ઼ાવા. મારે કામ સે.' બયૂરા કે 'આવો જ.' ને તે ગેડ઼યો સમોરતો સમોરતો ઝાતો તો એમા, બયૂરા સન્ધાય ખડ઼ ને પયૂસેડ઼ીન સન્ધુય મેયૂકીન ભાગ્યા. એ દાતેડ઼ા ને પયૂસેડ઼ા સન્ધુય લઈને હાલતો થ્યો.

તા માથે દોણા લઈન ભરવાય્ડુ ઝાત્યુ (ત્યુ) ઈ સામે મળેસ્. ઈ કે 'ટણુકભાઈ, ટણુકભાંઈ, નીસવીન ટીપા પડ઼ે એવી વાર્તા કયો.' તો (ટણુક) કે 'એવી વાર્તા મારે કયાંથી કેવી?' તો ભરવાય્ડુ કે 'કયો જ,' તો (ટણુક) કે,

'સામો હાયલો ઝાતો તો. કે એક સોકરાને કે કાન અમળાવી અમળાવી ન બઝાર વયસે બેસાયૂરો, ને એક ભાભાને તળાવમા નાયખી દીધો, અને

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

રબારીની ભેંયૂશને નાખીને સન્ધાયના દાતેડા–પસેડા લઈ લીધા. અન કે હું આવતો રયો.' કે અને સન્ધાયન કે દાણા ફોડી નાખ્યા તે ટીપા પડવા મયણ્ડા. 'હવે નીસવો ટીપા પડે સે ન તે.' અને ઈ તો હાલતો થયો. તે સન્ધા ફરીયાત કરવા આયા. તે ઓલો દાતેડુ ન સન્ધુ વેસી ન ગોળ ને ડાળીયા ખાતો તો. યાં પોલીશ આયીને લય જ્યા. તે પોલીશ કે ઓલાને, 'કેમ કાન અમળાવી અમળાવીને ન બઝાર વસ્સે બેસાયૂરો તો ?' તો કે સામ્ભળો કે ઈ કે 'હું હાયલો ઝાતો તો. કે એલા કાન અમળાવી અમળાવી ન બઝાર વચ્સે બેસાયૂરને, બકિ રોવે સે તે ? કે હું નો બેસારું. તો ય કે બેસારતો ઝા. તે મેં કે બેસાયૂરો. તે ઈની પાસેથાન પચા રુપીયા લીધા. ને હાલતો થયો.'

તા ભાભો આયો, તળાવમા નાખી દીધો તો ઈ. ભાભો કે 'મને તળાવમા નાયૂખી દીધો તો.' (ટણક) કે 'સામ્ભળો કે હું કે વાંસો નોતો કરવાનો ને ઈ કે મને વાંસો કરતો ઝા. તે હું ઝયો. તો કે ભીંસ થોડીક દે. તે મેં ભીંસ દીધી તે તળાવમાં ગ્યો ઝયો. ઈની પાંસેથાને સો રુપીયા લીધા.'

ને ઝયા રબારી પાંસે. રબારી સન્ધાય કયે કે 'મારી ભેંયૂશ કે મારી નાયૂખી.' તે (ટણક) કે 'હું હાયૂલો ઝાતો તો કે એલા એક ગેંડયો મેયૂક કે મુય, મન મરી ઝાય તો. તે મેં એક ગેંડયો માયૂરો ને મરી ઝય. ઈની પાસેથીને પચા રુપીયા લીધા અન ઝયો.'

તાં ઓલા સન્ધાય બઈઓ ઈ કે 'અમારા સન્ધાયના દાતેડા–પયૂસેડા લઈ લીધા.' તો (ટણક) કે 'હું હાયૂલો ઝાતો તો તો કે સડાવો, આવો ને. તે હું સમોરતો સમોરતો ઝાતો તો તે ઇ વ્યા ગ્યા. તે હું લઈન આવતો રયો ન કે વેસી દીધા. ઈ સન્ધાય પાંસેથી પચી પચી રુપીયા લીધા.'

એટલે ઓલી ભરવાયૂડો ય કે 'અમારા દાણા ફોડી નાયૂખા.' તો (ટણક) કે 'હું હાયૂલો આવતો તો તો કે નીસવી ન ટીપા પડે એવી વાર્તા કયો. તો કે મારે કયાંથી કેવી ? તે મેં દાણા ફોડી–નાયૂખા ને કીધુ કે હવે નીસવો, ટીપા પડે સે ને ? એ પરી ઈ સન્ધાય પાંસેથી ન પયૂચી પયૂચી રુપીયા લીધા.'

સન્ધુય પરસુરણ લઈન ફાંટ ભરીન હાયૂલો ઝાતો તો ત્યાં ધુતારા ન ઠગારા કયે 'એલા, અમને કયે આપતો ઝાને પઈશા ? ને આય રેજે કયે.'

કયે કે 'સા પીવા આયૂલ'. તો (ટણક) કે 'હું સા નથ પીતો'. તો કે 'સાયૂસ પીશે ?' કે એમ કરીન લય ઝયા. તો ઈ ટણકને કયે 'હાયૂલ આપણે આયૂક સોરી કરવા ઝાવી ?' કે તે ઝાયૂસ.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

તે એક બાયૂર રે સે ને ઓયૂલો ધુતારો ને સન્ધાય એની માંય ઝાય સે. તે વાંસે ટણક રાયૂડ નાખે સે કે 'દોડઝો દોડઝો કે સોર આયા'. તો ઈ તો સન્ધાય આવતા રે સે. ને ઓયૂલા ટણકને આવી ન કે ક 'એલા, તેં સું કય દીધુ ક દોડઝો દોડઝો સોર આયા?' તો કે 'મેં ઈમ નથ કીધું, મેં તો ઈમ કીધુ ક ભાગજો ભાગજો નક મારવા આયા. અને કે હું જ આવતો રૂયો.'

તો કે, 'ઠીક, હાયૂલ કે તારે નથ આવવુ? અયૂમે સાયૂણ્ડુ લયૂન ઝાગેસ કે સોરી કરવા પરગાયૂમ.' તે ઈ તો સાયૂણ્ડુ લઈન સોરી કરવા ઝયા. ને આંયથી એને કોક ભણેલા પાસે ટપાલ લખાવી કે 'ભાણાને માલુમ થાય કે એક ફાંટ ભરી પઈશા લઈન આવે. અયૂતારે અમે ઝેલમા સીએ.' ન એને માયૂમે એક ઘોડી લેતી આવવાનુ વયૂસાયૂવુ. પયૂસી એક ફાંટ ભયૂરીન પયૂશા આપ્યા ને ઘોડી આપી ને ઈ તો ઝયો. અને પટેલના ઘેરે રાયૂત રૂયો.

તે પટેલના ઘેરે વેં...લ્લા ઉઠીને લાયૂદમા પયૂશા નાયૂખ દીધા. સવાયૂરે ઉઠે તો લાયૂદમાં પયૂશા પયૂડા છે. કે એલા 'ઘોડી વેસવી સ?' તો કે 'ના, ના. કે આ તો લાયૂદમા પયૂશા કરેસ કે ઝો આયૂટલી ગાંસડી મારી પાંસે થય કચે'. તો કે 'વેસ્તા ઝાવ.' તો કે 'ના, ના.' તો કે 'હઝાર લેવા હોય તો બે હઝાર લયૂઝો પણ વેસ્તા ઝાવ.' ઈ કે તંય ઈને વેસી અને ઝયા.

ત્યાં ઈ ટણકને ઈ ને ઘીરે ગ્યો તાં ઈને ઘરને એવુ સણાવ્યુ સન્ધુય અને ઓલા સન્ધાય, પાંસે, પયૂસી આયા મારવા. આને કોથળામાં પુરીન કુવાના કાઠે લયૂ ઝયા. ને કુવા કાઠે ઝઈન કોથળામાં બાંયૂદ દીધો ને કોથળામાં બાન્ધીન કચ હવે કચે તને હવે કુવામાં નાયૂખ દેવાનો સે. એમ કરીન કાંકે મેયૂકો તો, એમનેમ કરે 'મારે બે બાયૂડીયુ નથ પયૂણવી. મારે બે બાયૂડીયુ નયૂથ પયૂણવી.' તાં એક ભરવાડ નીકળો. પયૂણીન ઝાતો તો. કે 'લાયૂવ હું પઃણું.' કે તે એને સોડીને માલીકા બેસાડયો અને ઈ બાયૂર નીકરી ઝયો. અને ભરવાડના લુગડા પેરીન બકરા ને સુન્ધુય લઈને ઘેરે ઝયો.

તાં ઓલા આયા ધુતારા ને ઠગારા. પાણા નાં જયૂડા ત પયૂસી એમનેમ કુવામા નાખીન વ્યા ગ્યા તા. અને ધુતારાને ઘેર જઈને કે એની મા ને, માયૂરી નાખી કે. તે ઘેરે ગ્યા યાં તો ભાણો બેઠો તો. તે કે 'ક્યાંથી ભાણા આંય?' તો કે 'મને ઓવારે નાયૂખો એટલે કચ બકરા આયા. હાયૂથી ને એવુ સુન્ધુય આવત નકર, ઉણ્ડે નાયૂખો હત તો.'

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

તો કે 'અમનેય નાયૂખ ને?' એમ કરીન પાંસેને, ચાર ધુતારાઠગારા ને એક પટેલ, પાંસેને, કુવામાં, કોથળા બાન્ધીન નાયૂખ દે સે.'

૨ : ૦ ભાષા-પૃથક્કરણ

૨ : ૧ ધ્વનિતત્ત્વીય

૧. સાનુસ્વાર **આં** તેમ જ અનુનાસિક-સમીપવર્તી **આ** નું અસ્તિત્વ અને સાનુસ્વાર **આં ~ આ** વિકલ્પ :

આં	**આ**	**આં**	~	**આ**
યાં	ભાણા	તાં		તા
ત્યાં	કાન	પાંસે		પાસે
ફાંટ	કામ	કાંઠે		કાઠે

આ સામગ્રીમાંથી ઙ અને ઞ સાથેનાં દૃષ્ટાંત મળતાં નથી.

૨. સાનુસ્વાર ઈં તેમ જ અનુનાસિક-સમીપવર્તી ઈ નુ અસ્તિત્વ :

ઈં	ઈ
ભીંસ	ઈન
	નીસવી
	નીકળો
	ઈમ

આ સામગ્રીમાંથી ઙ, ઞ અને ણ સાથેનાં દૃષ્ટાંત મળતાં નથી.

૩. સંયુક્ત ક્રિયાપદમાંના પ્રથમમાંના તેમ જ સહાયકારક નકારાર્થીમાંના, એમ બંને ઈ નો લોપ થવાનું વલણ :

સંયુક્ત ક્રિયાપદમાંનો	નકારાર્થી
બાંયૂદ દીધો	**નથ** પીતો
નાયૂખ દેવાનો સે	**નથ** આવતો
	નયૂથ પયૂણવી

૪. **એ** અને **ઍ** નું અસ્તિત્વ અને **એ** નો ઈ થવાનો વિકલ્પ :

એ	**ઍ**	**એ > ઈ**
એક	ભેયૂશ	ઈમા ~ એમા
પટેલ	ગેડીયો	
છે	વેસી	ઈમ ~ એમ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૫. ઑ અને ઓ નું અસ્તિત્વ અને ક્વચિત્ ઓ નો ઉ થવાનું વલણ :

ઑ	ઓ	ઓ > ઉ
ઑલો	ગોળ	મુ
સોકરો	ઘોડી	
તો	દોણા	

૬. ઑ સિવાયના બધા જ સ્વરોની સાનુનાસિકતા :

અ	આ	ઈ	ઉ	એ	ઍ	ઑ	ઓ
તંય	વાંસો	બીંસ	હું	તેં	ભેંપૂશ	—	નોં
કંદચૂળ	યાં		સું	મેં			
	ફાંટ		આવું				

આ સામગ્રીમાંથી ઑં નું દૃષ્ટાંત મળતું નથી.

૭. સપ્રાણ-સ્વરોનો અભાવ :
આ સામગ્રીમાંથી સપ્રાણ સ્વરોનું દૃષ્ટાંત મળતું નથી.

૮. આઈ નો આઈ ~ અઈ વિકલ્પ :

આઈ	અઈ
ટણકભાઈ	બઈ
	ઝઈ

૯. અઉ અને ઈએ સંયુક્ત સ્વરની ઉપસ્થિતિ :

અઉ	ઈએ
બઉ	સીએ

૧૦. ઈ, એ, ય પૂર્વેના કંઠ્યોનું જળવાઈ રહેવું, માત્ર ગનો તાલવ્યીકરણનો વિકલ્પ :

ક	ખ	ગ	ઘ
મેયૂકીન	નાયૂખી	ઝઈ	ઘીરે
કેવી	—	ગેબ્યો —	ઘેરે
કચાંથી	નાખ્યા	ગ્યા ~ જયા —	
		ભાગ્યા ઝયો	

કંઠ્યોના તાલવ્યીકરણનું વલણ જે ઉત્તર-ગુજરાતના ભાષા-સ્વરૂપનું લક્ષણ છે તેના પગપેસારાનો આરંભ અહીં ગથી થયો હોવાનું વરતાય છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૧૧. **ચ** અને છના અનુક્રમે **ચ ~ સ** અને છ~સ :

ચ ~	સ	છ ~	સ
ચાર	સોર	છે	સોકરો
પચા	નીસવી		પયૂસી
વચ્ચે	પાંસ		સ

મુખ્યત્વે **ચ** અને છ બંને માટે **સ** થયાનાં દૃષ્ટાંતો મળે છે, અર્થાત્ **સ**ની બાહુલ્યતા છે, પરંતુ આ બંને જેમના તેમ રહ્યાના દૃષ્ટાંતો પણ આ સામગ્રીમાંથી મળે છે.

૧૨. **જ** અને ઝ બંનેની ઉપસ્થિતિ :

જ	ઝ
આવો જ	ઝા
કર્યો જ	હઝાર
જડવુ	આયૂઝ
વાળજે	

આ સામગ્રીમાંથી મુખ્યત્વે **ઝ**નાં દૃષ્ટાંતો મળે છે. તેમ છતાં ભારવાચક તરીકે **જ** નો ઉપયોગ થતો જણાય છે. મંદઆજ્ઞાર્થમાં **જ ~ ઝ** નો વિકલ્પ પણ જોવા મળે છે. ઉ. ત. ‘વાળજે’, ‘લયૂઝો’.

૧૩. ડ અને ડ઼ની ઉપસ્થિતિ :

ડ	ડ઼
ડોયૂશી	ભરવાડ઼
ડાળીયા	લુગડ઼ા
ઉણ્ડે	ખડ઼

૧૪. **ણ** પૂર્વેના **ર્**નો પૃષ્ઠ તરફનો **ઍ** થવો :

ર્ > ઍ

બાર્ણુ > બા : **ઍણુ**

૧૫. ઈ, એ, (ઍ,) ય પૂર્વેના વ્ નું જળવાવું, પરંતુ ક્વચિત્–ય્ પુર્વે લોપ :

–ઈ	–એ ~ (ઍ)	–ય ~	∅
આવીન્	રોવે	સણાવ્યુ	આયા
કેવી	હુવે	વ્યા ગ્યા	આયી
ઝાવી	વેંસી		

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૧૬. **શ, સ અને સ઼ની ઉપસ્થિતિ :**

શ	**સ**	**સ઼**
ડોયૂશી	સોકરો	સ઼ામે
પયૂશા	વેસી	પાંસ઼ે
ભેયૂશ	વસ્સે	એસ઼
પોલીશ	પાંસ	

૧૭. સ્વરાંતર્ગત **હ**નો લોપ :

રહે > રે   બહાર > બાયૂર

બહુ > બઉ   કહે > કયે

૧૮. **ળ**નું અસ્તિત્વ, ક્વચિત **ળ > ર :**

તળાવ   નીકરી ગ્યો

ગોળ

ડાળીયા

કોથળામાં

કંદયૂળ

૧૯. લઘુપ્રયત્ન **યૂ**કારની બહુલતા :

ડોયૂશી, હાયૂલ, હયૂઝી, ઓયૂલી, ભેયૂશ, મેયૂફાને, આયૂવ, સાયૂસ, આયૂઝ, રાયૂડ, અયૂમે, પરગાયૂમ, અયૂતારે, રાયૂત, સવાયૂરે, આયૂટલી, લાયૂવ, હાયૂથી વગેરે.

૨ : ૨ રૂપતત્ત્વીય

નામ

(૧) લિંગ

આ ભાષાસ્વરૂપમાં નામિક રૂપાખ્યાન જોતાં પું., સ્ત્રી અને નપું. લિંગ એવી ત્રિલિંગી વ્યવસ્થા -- પ્રત્યયવાળી તેમ જ પ્રત્યય વગરની એમ બંને પ્રકારની – પ્રવર્તે છે. પ્રત્યયવાળી વ્યવસ્થામાં પું., સ્ત્રી. અને નપું. લિંગના પ્રત્યયો અનુક્રમે – **ઓ**, -ઈ તથા – **યૂ** (લઘુ.) અને – ઉ છે.

પ્રત્યયયુક્ત :

ઓ	—ઈ	**–યૂ**	–ઉ
(પું.)	(સ્ત્રી.)		(નપું.)
સોકરો	સોરી	ભસ્વાયૂડ	દાતેડુ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth, Nashik

ભાભો	ડોયૂશી	મુ
વાંસો	બઈ	

અહીં 'ભરવાડ્ય'ના યૂનો વ્યત્યય થયેલો જણાય છે.

પ્રત્યયરહિત :

પું.	સ્ત્રી.	નપું.
ગોળ	ફાંટ	તળાવ
મોર	ટપાલ	ખડ
ભરવાડ	રાયૂત	પરસુરણ

(૨) **વચન**

વચન પરત્વે એ.વ. અને બ.વ. એવી બે વચનવાળી વ્યવસ્થા પ્રવર્તે છે. એ.વ માટે પ્રત્યય જણાતો નથી. બ.વ. માટે પું.માં —**આ**, સ્ત્રી.માં —**આ**, —ઉ અને —**ઓ** તથા નપું.માં —**આ** પ્રત્યયો અહીં મળે છે.

પું.		સ્ત્રી.		નપું.
આ	**–આ**	**–ઉ**	**–ઓ**	**આ**
રુપીયા	બઈરા	ભરવાય્ડુ	ભરવાય્ડ	દાતેડા
પય્સેડા		બાઈડીયુ	બઈઓ	દેણા
પાણા		ભેંયશુ		ટીપા
		સાય્ણ્ડુ		લુગડા

નપું. બ.વ. માં અનુસ્વારનો અભાવ અહીં સ્પષ્ટપણે જોવા મળે છે.

સર્વનામ

પુરુષવાચક સર્વનામની વ્યવસ્થા નીચે મુજબ જોવા મળે છે :

એ.વ.	બ.વ.
હું	અમે, અય્મે, આપણે
—	—
ઈ ~ એ	ઈ
ઓલો ~ ઓય્લો	ઓલા
ઓલી ~ ઓય્લી	ઓલા
— —	

આ સામગ્રીમાંથી 'ઓલું' રૂપ પ્રાપ્ત થતું નથી. 'અમે' માટે 'અય્મે' રૂપ વિશેષરૂપે પ્રચલિત હોવાની ક્ષેત્રકાર્ય વખતની છાપ છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

આખ્યાત :

સાદાં અને સંયુક્ત એમ બંને પ્રકારનાં ક્રિયાપદો પ્રવર્તતાં જણાય છે. 'આવવુ', 'સારવુ', 'સમોરવુ', 'અમળાવવુ', 'પયૂણવુ' ઇત્યાદિ પહેલા પ્રકારનાં અને 'નાયૂખી દેવુ', 'મરી ઝાવુ', 'લઈ લેવુ', 'ફોડી નાખવુ' અને 'નીકરી ઝાવુ' એ બીજા પ્રકારનાં ઉદાહરણો છે.

આમાં પહેલો, બીજો અને ત્રીજો એમ ત્રણ પુરુપ, અને એ.વ. તથા બ.વ. એમ બે વચનની વ્યવસ્થા છે.

કાળ પરત્વે વર્તમાન, ભૂત, ભવિષ્યની વ્યવસ્થા હોવાનું લાગે છે.

વર્તમાનકાળ

વર્તમાનની પુરુષ-વચન-વ્યવસ્થાના પ્રત્યયો નીચે મુજબ મળે છે:

	એ.વ.	બ.વ.
પ્ર. પુ.	– ઉં	– ઈએ, –એ, –વી
બી પુ.	– એ	– ઓ
ત્રી. પુ.	– એ ~ Ø	– એ

વર્તમાનકાળનું સહાયકારક ક્રિયારૂપ સ છે. આના વિકલ્પમાં – સ઼ અને ક્વચિત્ –છ પણ મળે છે.

ભૂતકાળ

ભૂતકાળનો સામાન્ય પ્રત્યય –ય્ છે. તેના પછી લિંગવાચક અને વચનવાચક પ્રત્યયો આવે છે.

'આયો', 'ઝયો', 'થ્યો', 'આપ્યા' વગેરે આનાં ઉદાહરણો છે. આ ઉપરાંત 'દીધા'માં –ધ્ અને 'બેઠો'માં –ઠ્ પણ જોવા મળે છે.

સહાયકારક **હો**નાં રૂપોમાં અહીં માત્ર પું. નું રૂપ 'હતો' અને તેનું ટૂંકું રૂપ 'તો' પ્રાપ્ત થાય છે. બ.વ.નું રૂપ 'હતા' પણ મળે છે. સ્ત્રી. અને નપું.નાં રૂપ આ સામગ્રીમાંથી મળતાં નથી. નિષેધવાચક સાથે 'નોતો કરવાનો'માં જણાય છે તેમ 'નોનો' રૂપ પ્રચલિત છે. વિધ્યર્થક કે શરતવાચક કૃદંત સાથે 'હો'નું રૂપ 'ઉણ્ડે નાયૂખો હત તો'થી જણાય છે તેમ 'હત' છે.

ભવિષ્યકાળ

ભવિષ્યકાળનાં રૂપો આ સામગ્રીમાંથી પ્રાપ્ત થતાં નથી.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

આ સિવાય ભવિષ્ય કે મંદ આજ્ઞાર્થ માટે –જે ~ –ઝે પ્રત્યય ('વાળજે', 'પીઝે', 'દોડ્ઝો', 'લયઝો') અને નકારાર્થે 'ન', 'નથ' ~ 'નય્થ', 'નો' ~ 'નોં' ઇત્યાદિનો ઉપયોગ એ આ ભાષા–સ્વરૂપનાં અન્ય લક્ષણો છે.

આ ઉપરાંત આ સામગ્રીમાં 'કે કે', 'ઈ કે', 'તો કે' વગેરે જેવાં વ્યક્તિગત લક્ષણો પણ જોવા મળે છે; ઉ. ત.

કે સામ્ભળજો કે
તો કે વેસતા ઝાવ
ઈ કે તંય ઈને વેસી.

૨ : ૩ શબ્દગત

અમળાવવુ (ક્રિ.) વળ દેવો
અય્તારે (અ.) અત્યારે
અય્મે (સર્વ.) અમે
આય્ઝ (અ.) આજે
આય્ટલી (વિ.) અમુક પ્રમાણની
આંય (અ.) અહીં
ઈ (સર્વ.) તે, તેઓ
એલા (વિ.) સંબોધન તરીકે વપરાતો શબ્દ
ઓય્લો (વિ.) પેલો
કંદય્ળવુ (ક્રિ) હેરાન કરવું
કોક (વિ.) કોઈક
ખડ (ન.) ઘાસ
ગાંસડી (સ્ત્રી.) મોટી પોટલી
ગેડચો (પું) જાડો દાંડિયો
ગેબ્યો (પું.) જાડો દાંડિયો
ગોળ (પું.) શેરડીમાંથી બનાવાતો એક ખાદ્ય પદાર્થ
ઘોડી (સ્ત્રી.) ઘોડી
જ (અ.) (ભારવાચક તરીકે) વપરાતો
જડ્વુ (ક્રિ.) (ખોવાયેલું) મળવું
જાં (અ.) જ્યાં
ઝાવુ (ક્રિ.) જવું
ટણક (પું.) એક વિશેષનામ
ટીપા (નપું. બ.વ.) ટીપાં
ડાળીયા (પું. બ.વ.) દાળિયા
ડોય્શી (સ્ત્રી.) ડોસી
તય (સર્વ.) તે
તાં (અ.) ત્યાં
તોય (અ.) તો પણ
દાતેડું (નપું.) દાતરડું
દોડવુ (ક્રિ) દોડવું
દોણા (નપું. બ.વ.) છાશ રાખવાનાં માટીનાં વાસણ
નક (અ.) નહિતર
નકર (અ.) નહિતર
નથ (અ.) નથી
નીસવુ (ક્રિ.) નીચોવવું
પઈશા (પું. બ.વ.) પૈસા
પય્સી (અ.) પછી
પય્સેડી (સ્ત્રી.) પછેડી
પરસુરણ (ન.) પુરસુરણ
પાણા (પું. બ.વ.) પથ્થર
પેરવુ (ક્રિ.) પહેરવું

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પોલીશ (પું.) સિપાહી
ફરીયાત (સ્ત્રી.) ફરિયાદ
ફાંટ (સ્ત્રી.) ગાંસડી
બઈ (સ્ત્રી.) સ્ત્રી
બઉ (વિ.) ઘણું
બઝાર (સ્ત્રી.) બજાર
બાયૂડીયુ (સ્ત્રી. બ.વ.) સ્ત્રીઓ
બાયૂર (અ.) બહાર
બેસારવુ (ક્રિ.) બેસાડવું
ભરવાયૂડું (સ્ત્રી. બ.વ.) ભરવાડણો
ભાભો (પું.) ઘરડો માણસ
ભીંસ (સ્ત્રી.) વજન, ભાર
ભેંયૂશ (સ્ત્રી.) ભેંસ
મારગ (પું.) માર્ગ, રસ્તો
માલીકા (અ.) અંદર
મુ (ન.) મોં
મેયૂકવુ (ક્રિ.) મૂકવું
ય (અ.) (ભારવાચક તરીકે)
યાં (અ.) ત્યાં
રળવું (ક્રિ.) કમાવું
રાયૂડ (સ્ત્રી.) બૂમ
રાયૂત (સ્ત્રી.) રાત
લુગડા (ન. બ.વ.) લૂગડાં
વાંસો કરવો (ક્રિ.) નહાતી વખતે મેલ કાઢવા માટે ભાર દઈને બરડો ઘસવો
વેસવુ (ક્રિ.) વેચવું
સડાવવું (ક્રિ.) વજનદાર પદાર્થ માથે મુકાવવો
સા (પું.) ચા
સાનો (વિ.) છાનો
સાયૂસ (સ્ત્રી.) છાશ
સોકરો (પું.) છોકરો
સોર (પું.) ચોર
સોરી (સ્ત્રી.) ચોરી
સન્ધુ (વિ.) બધું
સમોરવુ (ક્રિ.) સમણવું
સામ્ભળવુ (ક્રિ.) સાંભળવું
સાયૂણ્ઢુ (સ્ત્રી. બ વ.) સાંઢણીઓ
સું (સર્વ.) શું
હઝાર (વિ.) હજાર
હયૂઝી (અ.) હજી
હાયૂથી (પું.) હાથી

૨ : ૪ વાક્યતત્ત્વીય

૧. ઈ કે મને વાંસો કરતો ઝા.
૨. મુય, મન મરી ઝાય તો.
૩. પટેલના ઘેરે રાયૂત રૂયો.
૪. ઈને ઘીરે ગ્યો.
૫. તાં ઓલા સન્ધાય બાઇઓ કે...
૬. માયૂમે એક ઘોડી લૈતી આવવાનુ વયસાયૂ વુ.
૭. દાણા લઈને ભરવાયૂડ ઝાત્યુ ઈ સામે મળેસૂ.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૮. તય રળવા ઝાય સે સોકરો.
૯. મારગમા બેસને તે કે સાનો રેતો નથી તે.
૧૦. ટણકભાઈ, સડાવો અમને.
૧૧. બોલા...પાંસે, પયસી આયા મારવા.
૧૨. હાયથીને એવુ સુન્ધુય આવત નકર, ઉણ્ડે નાયૂખો હત તો.
૧૩. અયૂમે...ઝાયેસ્ કે સોરી કરવા પરગાયૂમ.
૧૪. એલા અમને કયે આપતો ઝાને પઈશા.
૧૫. કયાંથી ભાણા આંય ?

અહીં ૧-૨ વાકયોમાં ચતુર્થીનો ‘ મને ’ ~ ‘ મન ’ મળે છે. માન્યમાં આમાં ષષ્ઠીની અપેક્ષા (‘ મારો ’ – ‘ મારી ’) રહે છે. વાકય ૩-૪ માં સપ્તમી અધિકરણાર્થે ‘ ઘેરે ’ ~ ‘ ઘોરે ’ મળે છે. માન્યમાં સામાન્ય રીતે આનો લોપ થતો હોય છે. વાકય ૫ નો પ્રયોગ વિશિષ્ટ છે. ‘ બઈઓ ’ વિશેષ્યની પૂર્વેનાં સર્વનામ અને વિશેષણ બંનેનો વિશેષ્યની સાથે લિંગસંવાદ રાખીને વિશેષ્યને માનસૂચક બનાવેલ છે. વાકય ૬ માં પણ ‘ ઘોડી ’ના લિંગ સાથે કૃદંત ‘ લેતી ’નો વિશિષ્ટ પ્રયોગ થયો છે. વાકય ૭માં નામના બ.વ. ‘ ભરવાયૂડુ ’ની સાથે ક્રિયાપદનું પણ બ.વ. ‘ ઝાત્યુ ’ વપરાયું છે.

વાકય ૮થી ૧૫ માં વિશિષ્ટ શૈલી માલૂમ પડે છે. ક્રિયાપદ પહેલું અને નામપદ પછી વાપરવાની શૈલી અહીં જણાઈ આવે છે.

૩ : ૦ સમાજગત

સંબોધન

આ ભાષા-સ્વરૂપમાં ‘ ટણક ’ને ‘ તું ’ અને ‘ તમે ’ બંનેના ભાવોથી સંબોધન છે. રસ્તે જતી રડતા છોકરા સાથેની સ્ત્રી, વાંસો કરવા બોલાવતો ડોસો, ભેંસ વાળવા કહેતો રબારી અને ફરિયાદ સાંભળતો પોલીસ ટણકને ‘ તું ’ના ભાવથી સંબોધે છે, જ્યારે ભારા ચડાવવાનું કહેતી સ્ત્રીઓ તથા ભરવાડણો ‘ તમે ’ના ભાવથી સંબોધે છે.

સહકારી સમજ

અહીં થયેલા ભાષાવપરાશમાંથી અનેક વાકયો ગ્રામીણ સહકારી સમાજને સૂચવે છે. રસ્તે જતી બાઈના રડતા છોકરાને છાનો રખાવવો, વૃદ્ધને નહાતી વખતે ‘ વાંસો કરી ’ને મેલ ઉતારવામાં મદદ રૂપ થવું, કોઈની ભાગતી ભેંસને પાછી વાળી આપવી, ઘાસ લેવા ગયેલી સ્ત્રીઓને ભારો

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ઊંચકાવીને માથે મુકાવવો ઈત્યાદિ માટે અનુક્રમે 'સોકરાને એસ્રારતો ઝા', 'એલા વાંસો કરતો ઝાને કે, ટણક', 'એલા ઓયલી લૅયશને વાળજે', 'એલા ટણકભાઈ, સડાવો અમને, આવો ને' વપરાયેલાં આ વાકયો ગ્રામીણ પ્રજાના સહકારી સમાજને સૂચવે છે.

આ ઉપરાંત આમાંથી પ્રજાનાં ખાનપાન, અમુક રિવાજ તથા અમુક જ્ઞાતિના પુરુષ માટે અમુક આરોપિત લક્ષણ વગેરે સૂચવતી ઉક્તિઓ મળે છે.

ટણક 'ગોળ ને ડાળીયા' ખાય છે તેમાં ખાનપાન વિષે તથા ટણકને 'સા' ન પીતો હોય તો 'સાયૂસ' પીવાનું કહેવામાં આવે છે તેમાં પીણાના રિવાજ વિષેનું સૂચન છે. જ્યારે પરણીને જઈ રહેનો ભરવાડ, 'મારે એ બાઈડીયુ નયૂથ પયૂણવી' એવા ટણકના રટણના છટકામાં આવી જઈને 'લાયૂવ હું પઃએણુ' કહીને ફસાય છે તેમાં ભરવાડ આદમીનું આરોપિત ભોળપણ વરતાય છે.

અહીં સાહિત્યિક તેમ જ લોકકથા તરીકેનાં પાસાંનો વિચાર કરવામાં આવ્યો નથી. તેમ છતાં આ કથા એ દષ્ટિબિંદુઓથી પણ જોવા જેવી ખરી...

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

એક અભિગમ : થોડું અવલોકન*

ભારતી મોદી

થોડાં વર્ષોથી શરૂ થયેલા એક ધ્વનિસ્વરૂપવિજ્ઞાનના અભિગમ ઉપર દૃષ્ટિપાત કરી પાદટીપમાં નિર્દિષ્ટ પુસ્તકનું યથાશક્તિ અવલોકન રજૂ કરવાનો અહીં પ્રયત્ન કર્યો છે. એક રીતે આ સહેજ વિચિત્ર લાગે એવું લખાણ થાય : ન તો એ લેખ રહે, ન તો એ અવલોકન રહે. પણ ફોલિના આ પુસ્તકનું એક સૂચક સ્થાન ધ્વનિસ્વરૂપવિજ્ઞાનને ક્ષેત્રે એવી રીતે સ્વીકારાઈ રહ્યું છે કે એની પશ્ચાદ્ભૂમિકામાં રહેલા પ્રવાહોને નોંધવા આવશ્યક લાગ્યા છે; જો કે પૂરતી પશ્ચાદ્ભૂમિકા રજૂ કરવા માટે જરૂરી એવાં લખાણોની પૂરતી ઉપલબ્ધિ ન હોવાથી એનું વર્ણન માત્ર પ્રાસ્તાવિક જ રહેશે. છતાં ફોલિના સિદ્ધાંતોએ લીધેલા વળાંકોનો ('નેચરલ જેનરેટિવ ફોનોલજી'થી જુદો) ખ્યાલ આપવા માટે આટલો નિર્દેશ પૂરતો થશે. ફોલિના પુસ્તકનું એક અવલોકન ડી. એલ. ગોયૂવાએર્ટ્ઝે કર્યું છે. એમણે બહુ સ્પષ્ટપણે આ પુસ્તકનું મહત્ત્વ અને તેનું ભવિષ્ય ભાખ્યાં છે: "If Foley had the same charisma as the linguistics champ from MIT (to use Alan Lelchuk's chararcterization) his book might easily have the same revolutionary effect upon the field of phonology as Chomsky's 'syntactic structures' had on the field of syntax in the early 1960s." 'ગોયૂવાએર્ટ્ઝનો પાંચ વર્ષ પહેલાં એવો મત હતો કે ફોલિ સામેની ટીકાઓ, એમના સિદ્ધાંતો સમજવાની અક્ષમતામાંથી જન્મી છે. અને આજે પણ તેઓ એ જ મત ધરાવે છે. આટલાં ઉપરથી આ અભિગમ એના ક્ષેત્રમાં નોંધપાત્ર ફેરફારો લાવવાની શક્યતા ધરાવે છે એમ લાગે.

આ લેખના પહેલા ભાગમાં થોડી પશ્ચાદ્ભૂમિકા આપી છે અને બીજા ભાગમાં ફોલિના પુસ્તકને સમજાવી થોડું અવલોકન આપ્યું છે.

---

* જેમ્સ ફોલિ, 'ફાઉન્ડેશન્ઝ ઓવ થિઅરેટિકલ ફોનોલજી' ('સ્ટડીઝ ઈન લિંગ્વિસ્ટિક્સ', કેમ્બ્રિજ, ૧૯૭૭).

૧. ગોયૂવાએર્ટ્ઝ, 'લેંગ્વેયૂજ', ૧૯૮૦, ૫૬, ૧, પૃ. ૧૯૮.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

'નૅચરલ જેનરેટિવ ફૉનોલજી'ની, અનેક નવાં સૂચનોની અને અનેક નવા પ્રવાહોની, ગૂંચવાઈ જવાય એવી સ્થિતિની સામે ઇંગ્લૅંડમાં ધીમી પણ સ્થિર ગતિએ ધ્વનિસ્વરૂપવિજ્ઞાન વિકસ્યું. બ્લૂમફીલ્ડીય ફૉનોલજીને વખોડી જબરા જુસ્સાથી થયેલ 'જેનરેટિવ ફૉનોલજી'ની કેટલીક ચિરસ્થાયી સિદ્ધિઓ જરૂર સ્વીકારવી પડે, પણ એટલા જ જુસ્સાથી એનો પણ વિરોધ શરૂ થયો. એ બધા વાવાઝોડાની અસર ઇંગ્લૅંડને બહુ અડી ન હતી. ફર્થના 'પ્રસૉડિક' અભિગમે અને સિદ્ધાંતોએ ઇંગ્લૅંડમાં ધ્વનિસ્વરૂપને એક એવો ઝોક આપ્યો કે ત્યાંનો ભાષાવિજ્ઞાની સ્વતંત્રપણે ધ્વનિસ્વરૂપનો અભ્યાસ કરતો રહ્યો. ત્યાં ૧૯૬૦-૬૫ની આસપાસ ધ્વનિસ્વરૂપવિજ્ઞાનને ક્ષેત્રે સળવળાટ થાય છે. ઇંગ્લૅંડના ભાષાવિજ્ઞાનીમાં ધ્વનિવિજ્ઞાનના સર્વાંગી શિક્ષણનો, ફર્થના અભિગમને લીધે 'નૉન-સેગ્મેન્ટલ' ધ્વનિસ્વરૂપ અંગેની ઊંડી સમજણનો અને અમેરિકાના પ્રવાહો સાથે સંમત ન હોવા છતાં ત્યાંની વૈજ્ઞાનિક શિસ્તનો સુંદર સમન્વય થાય છે.

૧૯૬૯માં જૉન ઍન્ડર્સનનો એક લેખ 'સિલેબિક ઑર નૉન-સિલેબિક ફૉનોલજી' પ્રસિદ્ધ થયો.[૨] તે જ અરસામાં ચાર્લ્ઝ જોન્ઝ, આર લૅસ, એયૂટ્ કિન વગેરે એક દિશામાં કામ કરતા રહ્યા. ૧૯૬૪માં પ્રસિદ્ધ થયેલા હેયૂઝના લેખ[૩]ના સંદર્ભમાં રહી ધ્વનિસ્વરૂપને અનુરૂપ વિભાવના વિકસાવવાનો ફાળો ઍન્ડર્સન અને જોન્ઝનો ગણવો પડે. એમણે ૧૯૭૨માં "થ્રી થિસીઝ કન્સર્નિંગ ફૉનોલજિકલ રિપ્રિઝેન્ટેયૂશન્ઝ" નામનો લેખ લિંગ્વિસ્ટિક્સ ઍસોસિએયૂશન ઑવ ગ્રેટબ્રિટનની સભામાં રજૂ કર્યો હતો. આ લેખમાં એમણે કૉલિનના એક અપ્રસિદ્ધ લખાણ 'સિસ્ટિમિક મૉર્ફોફોનિમિક્સ'નો ઉલ્લેખ કર્યો છે. ઍન્ડર્સન અને જોન્ઝના વિચારો પ્રમાણે કૉલિન ઇવને એયૂટ્કિનના નિયમોને ફરી રજૂ કર્યા અને એમાં 'ડિપેન્ડન્સી ફૉનોલજી'નું મહત્ત્વ સ્પષ્ટ કર્યું.[૪] ઍન્ડર્સન અને જોન્ઝે કહ્યું કે ધ્વનિસ્વરૂપના એકમો વ્યવસ્થિત રીતે બંધારણયુક્ત હોય અને આ બંધારણનું એક પાસું તે

૨. જૉન ઍન્ડર્સન, 'જર્નલ ઑવ લિંગ્વિસ્ટિક્સ', ૧૯૬૯, વર્ષ ૫૧, પૃ. ૧૩૬-૧૪૧.

૩. ડી. હેયૂઝ, 'ડિપેન્ડન્સી થિઅરી: અ ફૉર્મલિઝમ ઍન્ડ સમ ઑબ્ઝર્વેયૂશન્ઝ', 'લૅંગ્વેયૂજ', ૧૯૬૪, વૉ. ૪૦, પૃ. ૫૧૧-૫૨૫.

૪. કૉલિન ઇવન: 'એયૂટ્કિન્સ લૉ ઍન્ડ ડિપેન્ડન્સી ફૉનોલજી', 'લિંગ્વા', ૧૯૭૭, ગ્રં. ૪.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

શબ્દોનું 'સિલેબલ'માં – અક્ષરમાં વિભાજન. ચૉમ્સ્કી અને હેલેએ બતાવેલી અક્ષરની વ્યવસ્થાની ક્ષતિઓ દર્શાવી એમણે આ અક્ષર–આધારિત વિભાજનની પદ્ધતિ આપી. ચૉમ્સ્કી અને હેલેએ જોયું કે એમની 'સ્ટ્રેસ પૅટર્ન' એમણે આપેલા નિયમો સાથે ક્યાંક ક્યાંક અસંગત લાગે છે. આથી એમણે એક 'નિર્બળ અક્ષર' ('વીક સિલેબલ')ની વિભાવના રજૂ કરી. ઍન્ડર્સન અને જૉન્ઝ માને છે કે શબ્દોનું અક્ષરમાં વિભાજન સ્વતંત્ર રીતે કરવું જોઈએ અને આ વિભાજન જ નિર્બળ અને પ્રબળ અક્ષરોને સ્વાભાવિકપણે જ જુદા રાખે. મધ્યમાં આવતા વ્યંજનના જોડાક્ષરો એકી સાથે એકાક્ષરી ભાગનો **અંત** અને પછીના અક્ષરનો **આરંભ** બને; જેમ કે [$_1$d i [$_2$p]$_1$ en [$_3$d]$_2$ ent]$_3$[૫]. આ રીતે અક્ષર–આધારિત વિભાજન એ એમની પહેલી 'થિસિસ' – સ્થાપના છે. એમની બીજી સ્થાપના 'ડિપેન્ડન્સી રિલેયૂશન્ઝ' (આલંબન-સંબંધો) વિકસાવે છે. ફૉલિએ આની પહેલાં એમના લખાણમાં અંગ્રેજીનો 'ડાર્ક એલ' u અને d મળીને બનેલો છે એમ બતાવ્યું હતું. એમણે 'ડાર્ક એલ'નું નીચે પ્રમાણે વિભાજન કર્યું અને આલંબન-સંબંધ નોંધ્યો :

u
| અર્થાત્ d, u ઉપર આલંબિત છે.
d

આ જાતના આલંબિત સંબંધના સ્વીકારમાંથી એમની ત્રીજી સ્થાપના જન્મે છે.

એમણે કહ્યું કે એમણે રજૂ કરેલી પદ્ધતિ વધુ બંધારણયુક્ત હોઈ ભાષાની કેટલીક ધ્વનિના સ્તર ઉપરની પ્રક્રિયાઓ વચ્ચેના ગર્ભિત સંબંધને

---

૫. આને મળતું વિભાજન આપણા પ્રાતિશાખ્યોમાં છે જ. અભિનિધાનનું પ્રકરણ આપણા વિદ્વાનોની અક્ષર અંગેની ઊંડી સમજણનો પુરાવો છે. ઍન્ડર્સન અને જૉન્ઝના આ લેખની પહેલાં કોહ્‌લેરે 'ઈઝ ધ સિલૅબલ અ ફૉનોલૉજીકલ યુનિવર્સલ?' (૧૯૬૬, 'જર્નલ ઑવ લિંગ્વિસ્ટિક્સ', વૉ. ૨) નામના લેખમાં અક્ષરના અસ્તિત્વનો અસ્વીકાર કર્યો હતો. આથી ઍન્ડર્સને 'સિલૅબિક ઑર નૉન-સિલૅબિક ફૉનોલૉજી' લખી અક્ષરના અસ્તિત્વનું મહત્ત્વ સમજાવ્યું. ફજે પણ કોહ્‌લેરના વિચારોનો વિરોધ કરી 'અક્ષર'ની વિભાવનાને સ્પષ્ટ કરી ('સિલૅબલ્ઝ', 'જર્નલ ઑવ લિંગ્વિસ્ટિક્સ,' ૧૯૬૯, ગ્રંથ ૫). અક્ષરનું મહત્ત્વ 'નૉન-સેગ્મેન્ટલ' અભિગમને મજબૂત બનાવી ધ્વનિસ્વરૂપને નવો વળાંક આપે છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અને સામ્યને સમજાવી શકે છે. ધ્વનિપરિવર્તન એ એક રીતે ઇતિહાસના જુદાજુદા તબક્કા ઉપર પ્રત્યાવર્તિત થયા કરે છે. એટલું જ નહિ પણ એ પુનરાવર્તન સંબંધિત હોઈ અગાઉથી ભાખી શકાય એવું ('પ્રિડિક્ટબલ') હોય છે. એમના આ ત્રણ દાવા એમનાં બીજાં લખાણોમાં વિસ્તારપૂર્વક રજૂ થાય છે. લૅસ અને ઍન્ડર્સને આલંબન-સંબંધોની સાથે દઢીકરણ અને મૃદૂકરણની ધ્વનિપ્રક્રિયાઓ પણ સમજાવી. ચોમ્સ્કી અને હેલેનો વિરોધ કરી અક્ષરની વિભાવનાનું મહત્ત્વ સ્થાપી, સ્વાભાવિકપણું, દઢતા અને આલંબન-સંબંધોની વિભાવના વિકસાવી. ઇવને આ વિભાવનાઓનો ઉપયોગ કરી એયટ્કિનના નિયમોને સબળ રીતે રજૂ કર્યા. ઇવને કહ્યું કે ઍન્ડર્સન અને જૉન્ઝ તથા લૅસ અને ઍન્ડર્સને વિકસાવેલી ધ્વનિ-સ્વરૂપ અંગેની વિભાવનાઓ આ અભ્યાસ માટેની સાચી દૃષ્ટિ આપે છે. એમના કહેવા પ્રમાણે દરેક ધ્વનિ એક વિશિષ્ટ ઉચ્ચારણપદ્ધતિનું પરિણામ છે. દરેક આવું ઉચ્ચારણ એ બે મુખ્ય અંશોના સમન્વયથી થાય છે. આમાંનો એક અંશ છે |V| (જેની ભૌતિક લાક્ષણિકતા સાપેક્ષ 'પીરિઅડિસિટી' છે), અને બીજો અંશ છે |C| (જેની લાક્ષણિકતા 'ઍનર્જી રિડક્શન' છે). આ બન્ને અંશોનો જુદીજુદી રીતે થતો સમન્વય જુદાજુદા ધ્વનિમાં પરિણમે છે. કાં તો |C| વડે |V| નું નિયમન થાય છે ('ગવર્ન્ઝ'), અથવા તો |V| વડે |C| નું નિયમન થાય છે; જેમ કે

|C| ⇉ |V| અને |V| ⇉ |C|

```
C      V
|      |
V      C
```

ક્યારેક |C| અને |V| સ્વતંત્ર રીતે પણ આવી શકે અને ક્યારેક અન્યોન્ય ઉપર આધાર રાખતા હોય એ રીતે પણ આવી શકે; જેમ કે,

|V| ⇆ |C| |C| ⇆ |V|

ઍન્ડર્સન અને જૉન્ઝના કહેવા પ્રમાણે આ બધી શક્યતાઓને અક્ષરત્વના ક્રમમાં નીચે પ્રમાણે મુકાય :

```
V        V         VC        C
         |
         C
```

સ્વર	અનુનાદવાળાવ્યંજનો	સંઘર્ષી	સ્પર્શ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

આ બે અંશોમાંથી જો એક અંશનું પ્રમાણ ધ્વનિમાં વધારે હોય તો તે ધ્વનિ બીજા ધ્વનિ કરતાં વધારે ‘∝-er’ ‘આલ્ફાઅંશમય’ છે એમ કહેવું પડે. ઍન્ડર્સન અને જોન્ઝ ઘોષત્વમાં વધારે પ્રમાણમાં | V | નો અંશ હોય એમ માને છે.

VC	C
|	¦
V	V
ઘોષ સંઘર્ષી	ઘોષ સ્પર્શ

આવી રજૂઆત કરવામાં | V | ના અંશનું પ્રમાણ – એટલે કે એ અંશના પ્રાબલ્યનું પ્રમાણ દર્શાવાય : | V | સ્વતંત્ર, અંકુશકારી, અન્યોન્ય-આધારિત કે ગેરહાજર હોઈ શકે. અક્ષરત્વના ક્રમની જેમ મૃદૂકરણનો ક્રમ પણ રજૂ કરી શકાય. ઈવિને ઍન્ડર્સન, જોન્ઝ અને લૅસના બતાવેલા આલંબન-સંબંધોમાં થોડા વધારે સુધારા સૂચવ્યા છે. લૅસ અને ઍન્ડર્સનની વ્યવસ્થા ટૂંકામાં ઈવિને નીચે પ્રમાણે રજૂ કરી છે :

sonorization and opening	Voiceless	અઘોષ	t
	Voiced	ઘોષ	d
	Spirantization	સંઘર્ષીકરણ	z
	Liquid	પાર્શ્વિકો / પ્રકંપી	r
	Approximant	અર્ધસ્વર	j, ɹ
	Vowel	સ્વર	i
	Deleted	લુપ્ત	ϕ

weakening of closure	Voiceless	અઘોષ	t
	Spirantized	સંઘર્ષીકરણ	s
	De-articulated	ઉચ્ચારત્વ-રહિત	h
	Deleted	લુપ્ત	ϕ

આને સમજાવવા ઈવિને જૂની અંગ્રેજીમાંથી દાખલો આપ્યો :

Pre-OE	OE	ME	Late ME
-g-	[-ɣ-]	|-w-| ([-u-])	ϕ
*[aagan]	[aaɣan]	[ɔɔwen]	ɔɔn ‘own’

આલંબન-સંબંધ પ્રમાણે :

C	→	VC	→	V	→	V	→	ϕ
|		|		|				
V		V		V, C				

ભા / ૪

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

આ બતાવે છે કે મૃદૂકરણની પ્રક્રિયામાં ધ્વનિ સ્વરમય 'V–er' બનતો આવે છે. આવા મૃદૂકરણમાં નીચેની પ્રક્રિયાઓમાંથી એક તો થાય જ :

(૧) 'V'નો ઉમેરો

(૨) આલંબન-સંબંધોમાં ફેરફાર — જેવો કે પરિવર્તિત ધ્વનિ વધારે 'V–er' બને.

(૩) 'C'નો લોપ.

આટલા ઉપરથી એટલું સમજી શકાય કે 'આલંબનનિષ્ઠ ધ્વનિસ્વરૂપ'નો વિકાસ ધ્વનિતત્ત્વોના અમૂર્ત સંબંધોને સમજીને થયો છે. આ એક રસપ્રદ ઘટના છે. ફોલિને આ બધું પશ્ચાદ્‌ભૂમિકામાં મળ્યું – અથવા એમ કહીએ કે ફોલિના વિચારો આવા વાતાવરણની સાથે રહીને પાંગર્યા.

[૨]

હવે ફોલિના પુસ્તકને જોઈએ. ૨૫૨ પાનાંના આ પુસ્તકમાં આઠ પ્રકરણો છે. આમુખમાં એમણે પોતાના કાર્યને થોડા જ અને સચોટ શબ્દોમાં સમજાવ્યું છે. સૈદ્ધાંતિક ધ્વનિસ્વરૂપ એટલે

(૧) ધ્વનિસ્વરૂપગત તત્ત્વોની વ્યવસ્થા

(૨) આ તત્ત્વોને જોડતા વૈશ્વિક નિયમોનો ગણ

(૩) આ નિયમોના વ્યવહારને અંકુશિત કરતા સિદ્ધાંતોનો ગણ.

એમનું કહેવું છે કે ધ્વનિસ્વરૂપનાં તત્ત્વો ભૌતિક કે ઉચ્ચારણલક્ષી ધ્રુવ-લક્ષણ ('પેરેમિટર')વડે ન વર્ણવાય, પણ ઉપર કહેલા નિયમોમાં એમનું સ્થાન, અથવા એમાં એ તત્ત્વો કઈ રીતે ભાગ ભજવે છે એના ઉપરથી વર્ણવાય. ધ્વનિસ્વરૂપના સિદ્ધાંતોને વર્ણવવા માટે અમૂર્ત વિભાવનાનું મહત્ત્વ સમજાવતો 'આંતરિક સ્થિતિના–જાડ્યના વિકાસનો સિદ્ધાંત' એમણે રજૂ કર્યો છે.

પ્રસ્તાવનામાં એમણે એક જબરો દાવો કર્યો છે કે "The book presents a theory of phonology, perhaps the only genuine theory of phonology in existence." આ પહેલા જ વાક્યથી આપણે થોડી વાર થંભી જઈએ. દાવા તો વિજ્ઞાનનાં વિધાનોમાં થયા જ કરે, પણ આટલા આત્મવિશ્વાસથી એક સ્વાભાવિક હકીકત તરીકે આટલો મોટો દાવો બહુ ઓછા કરે. ચૉમ્સ્કી અને હેલેના ધ્વનિસ્વરૂપ-સિદ્ધાંતોને એ એક ઝાટકે જ બતલ કરી દે છે. એ માને છે કે એને માત્ર

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

'ટ્રૅન્સ્ફૉર્મેયૂશનલ' (ટ્રૅ.) ધ્વનિવિજ્ઞાન જ કહેવાય. ઉપરછલ્લી સામગ્રીને રૂપબદ્ધ કરવા માટેનાં 'નોટેયૂશનો' શોધવા સિવાય વધારે કોઈ કામ આ ટ્રૅ. ધ્વનિવિજ્ઞાને કર્યું નથી. કોઈ વૈજ્ઞાનિક પ્રવૃત્તિ સાથે એને સરખાવી શકાય નહિ. કોઈ પણ સૈદ્ધાંતિક ધ્વનિસ્વરૂપની વિચારણા ધ્વનિવૈજ્ઞાનિક તત્ત્વો ઉપર આધાર રાખી જ શકે નહિ. ટ્રૅ. ધ્વનિસ્વરૂપ સિદ્ધાંતો સમજાવતું નથી પરંતુ ફક્ત મહત્ત્વની સામગ્રી ગણી કરે છે. પહેલા પ્રકરણમાં ફોલે ટ્રૅ. ધ્વનિવિજ્ઞાનની તાત્ત્વિક ક્ષતિઓ તપાસે છે. એ માને છે કે આ અભિગમના સિદ્ધાંતો ખોટા છે. તે બતાવવા તો આખેઆખું પુસ્તક જ લખવું પડે. અહીં એમણે ત્રણ ભૂલો નોંધી છે: (૧) વર્ણનવાદ, (૨) અપકર્ષણવાદ, (૩) સારલ્યવાદ ('ડિસ્ક્રિપ્ટિવિઝમ', 'રિડક્શનિઝમ', 'સિમ્પ્લિસિટિઝમ'). ફોલિ કહે છે કે 'ટ્રૅ. ધ્વનિવિજ્ઞાન માત્ર વર્ણનાત્મક વ્યવસ્થા હોવાનો જ દાવો કરી શકે — એથી વધારે કશું જ નહિ. કારણ, વર્ણન ગમે તેટલું ચોક્કસાઈભર્યું હોય તેથી એમાંથી આંતર્દૃષ્ટિ નથી જન્મતી. એવી દૃષ્ટિ તો તર્કબુદ્ધિનિષ્ઠ વિચારણા ('રૅશિઑનાલિસેશન') માંથી જન્મે છે. માત્ર વર્ણન આપીને અટકી જવાથી સંશોધન પણ અટકી જાય. જ્યાં જ્યાં 'આવું કેમ થાય છે?' એવો પ્રશ્ન પૂછવાનો હોય છે, ત્યાં ત્યાં ચૉમ્સ્કી અને હેલે માત્ર નવી નોટેયૂશન-પદ્ધતિ શોધવા મંડી જાય છે. (ફોલિની પહેલાં બીજા ઘણાએએ આ ટીકા કરી લીધી છે એ અહીં નોંધવું જરૂરી છે) ફોલિ કહે છે કે માત્ર રૂપબદ્ધતાને મઠારવા જતાં એના ધ્વનિસ્વરૂપના કેટલાય વસ્તુગત પ્રશ્નો ઊકલી શક્યા નથી.

ફોલિનો બીજો આક્ષેપ છે કે ટ્રૅ. ધ્વનિવિજ્ઞાને ધ્વનિના અમૂર્ત સંબંધો તપાસ્યા જ નથી. કોઈ પણ સ્તરનો સિદ્ધાંત એ જ સ્તરનાં તત્ત્વો લઈ રજૂ કરવાનો હોય. એનાથી નીચેના સ્તરને લક્ષમાં લેવાથી અપકર્ષણની ક્ષતિ થાય છે. તાત્ત્વિક રીતે કોઈ પણ સૈદ્ધાંતિક વ્યવસ્થા સૈદ્ધાંતિક તત્ત્વો અને પ્રત્યક્ષ થતાં તત્ત્વો વચ્ચે ફરક રાખે છે. જો આ ફરક ન રાખવામાં આવે તો સિદ્ધાંત નબળો પડે. અને ધ્વનિસ્વરૂપ એ કોઈ ધ્વનિ અંગેનો અભ્યાસ નહિ પણ તે અંગેના ભાષાના નિયમોની વ્યવસ્થાનો અભ્યાસ છે.

ફોલિ ત્રીજી તાત્ત્વિક ભૂલ 'સારલ્યવાદ'ની ગણાવે છે. ટ્રૅ. અભિગમમાં 'સરળતા'નું એક એવું સ્થાન છે કે એની સામે કોઈએ વાંધો ઉઠાવ્યો જ નહિ – એમ માનીને કે વાંધો ઉઠાવાય જ નહિ. પરંતુ સિદ્ધાંતના વિકાસ માટે પૂર્વ-નિર્ણીત કશું રખાય નહિ. 'સરળ' હોય માટે વૈજ્ઞાનિક સિદ્ધાંત

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

વધુ મૂલ્યવાન પ્રદાન છે એવું હંમેશાં કહેવાય નહિ. પણ સુભગ (' એલિગન્ટ ') હોય તો જ એ સિદ્ધાંત વધુ મહત્ત્વનો બને.[૬]

બીજા પ્રકરણમાં ટ્રે. ધ્વનિવિજ્ઞાનની ભાષાવૈજ્ઞાનિક ક્ષતિઓ નોંધાઈ છે. એમાંની પહેલી ચાર તો ચૉમ્સ્કી અને હેલેએ પોતે જ નોંધી છે. આમાંની પહેલી છે ' સ્વાભાવિક વર્ગની વિભાવના '. એમણે જોયું કે ક્યારેક એમના ' સ્વાભાવિક ધ્વનિવર્ગો ' એ વર્ગો માટે જરૂરી એટલી ધ્વનિની લાક્ષણિકતાઓની સંખ્યા સાથે સમાંતર રહી શકતા નથી. આ ક્ષતિ સુધારવા એમણે ' માર્કિંડ્નિસ 'નો ઇલાજ સૂચવ્યો. ફોલિ માને છે કે મૂળે એમની સ્વાભાવિક વર્ગોની વિભાવના જ ખોટી છે. એટલે એને ' માર્કિંડ્નિસ 'થી સુધારવી એ તાત્ત્વિક રીતે અને સૈદ્ધાંતિક રીતે અપ્રસ્તુત છે.

ચૉમ્સ્કી અને હેલેએ જોયું કે કેટલાક નિયમો વ્યાકરણ માટે વધારે સ્વાભાવિક અને સંભાવ્ય લાગે. અને છતાં ક્યારેક એવું બને કે અસંભાવ્ય નિયમો આ સંભાવ્ય નિયમો કરતાં વધારે સરળ હોય અને આથી ' સ્વાભાવિક નિયમો 'ની વિભાવના નબળી બને. ફોલિ આને સરળતાવાદના અતિરેકનું પરિણામ કહે છે.

ચૉમ્સ્કી અને હેલેએ જોયું કે એમનું ધ્વનિસ્વરૂપ અમુક પ્રકારની વિશિષ્ટતાઓમાંથી સામ્ય તારવી શકતું નથી (દા. ત. જેવી રીતે આલંબન-પરક ધ્વનિસ્વરૂપ મૃદૂકરણના સામ્યને તારવી શકે છે તેમ). ફોલિ કહે છે કે એ લોકોએ તો માત્ર ' ધ્વનિવિજ્ઞાન ' જ રજૂ કર્યું છે, પછી આવા મનુષ્યભાવના સૂક્ષ્મ પ્રશ્નો તેઓ ઉકેલી જ ક્યાંથી શકે ?

ચૉમ્સ્કી અને હેલેએ પોતાની ચોથી ક્ષતિ એ જોઈ કે એમની પદ્ધતિ અમુક ધ્વનિસમૂહ બીજા ધ્વનિસમૂહો કરતાં વધારે સ્વાભાવિક છે એવું ચીંધી શકતી નથી; જેમ કે

---

૬. ચૉમ્સ્કીએ આ સુભગતાની વાત ૧૯૫૫માં કરી જ હતી. ફોલિના આ આક્ષેપોમાંથી 'reductionism' સિવાયના આક્ષેપો હું સંપૂર્ણપણે માન્ય કરતી નથી. જ્યારે જ્યારે ચૉમ્સ્કી અને હેલેએ શંકાનું નિવારણ કરવા અથવા તો કોઈ પ્રશ્નનું નિરાકરણ કરવા ' નોટેશન 'ને મઠાર્યું છે ત્યારે ત્યારે એમણે એને અંતિમ ઉકેલ તરીકે નથી રજૂ કર્યું. ૧૯૬૮માં પ્રથમ વાર એમના સિદ્ધાંતો સમગ્ર રૂપે પ્રકાશિત થયા. ચૉમ્સ્કી અને હેલેએ એને અંતિમ રૂપે નહિ, પણ પ્રારંભ તરીકે જ મૂક્યા છે. આ આક્ષેપો આથી કાંઈક વધારે પડતા લાગે છે. સાથે જ ચૉમ્સ્કીના અભિગમને ' રેશિઓસિનેયશન 'થી દૂર ગણવો એમાં સત્યથી ઘણે દૂર ગયા જેવું થાય છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

i	u		i	u	
e	o	એ	e	o	કરતાં વધારે
a			ae		

સ્વાભાવિક છે. ફૉલિ કહે છે કે આવા ધ્વનિસમૂહો સમજવા એ 'નોટેશ્યન'નો કે રૂપબદ્ધતાનો વિષય જ નથી. ચૉમ્સ્કી અને હેલે પોતે પણ જાણે છે કે કમનસીબે તેઓ વધારે પડતા રૂપનિષ્ઠ બની ગયા છે. એ લોકો પોતાના નિયમોમાં કૌંસની પદ્ધતિ – Braces – અપનાવે છે. એ લોકો માને છે કે ભાષા (ભાષક) સાધારણ સરખા નિયમોને એકસાથે મૂકે છે. ફૉલિએ એમના પાંચમા પ્રકરણમાં આ સાવ ખોટું છે એમ બતાવ્યું છે. એ લોકોના 'નૉટેશયૂશન'માંથી ધ્રુવાત્મક વિરોધિતા ('પોલેરિટી')ના નિયમો જન્મે છે; જેવા કે

$$[\propto \text{Feature X}] \rightarrow [-\propto \text{Feature X}].$$

આ નિયમ નીચેના બે નિયમોનો સંક્ષેપ છે :

$$[+\text{Feature X}] \rightarrow [\text{Feature X}]$$
$$[-\text{Feature X}] \rightarrow [+\text{Feature X}]$$

ફૉલિ આવા નિયમોને શોધને રોકનાર – શોધકતાવિરોધી – 'એન્ટિહ્યુરિસ્ટિક' ગણે છે. આવી પદ્ધતિ રજૂ કરીને એને સિદ્ધાંત કહેવો તે ભ્રામક છે.

ફૉલિએ કરેલી આ ટીકાઓ સંપૂર્ણપણે ન સ્વીકારાય એટલું અહીં ફરીથી નોંધી લેવું જરૂરી છે. એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે ચૉમ્સ્કી અને હેલેનું ધ્વનિસ્વરૂપ વ્યાકરણના સિદ્ધાંતનો એક ભાગ છે. આ વ્યાકરણ-એકકાલીન ભાષાનું હોય એવું માની લઈએ છીએ. આથી એમના ધ્વનિ-સ્વરૂપને ભાષાના એકકાલીન સ્તર ઉપર મૂકી વ્યાકરણનાં બીજાં તત્ત્વો સાથે સાપેક્ષ રીતે જ મૂલવવું પડે. એમનું ધ્વનિસ્વરૂપ જ નહિ પણ સમગ્ર વ્યાકરણ 'નૉટેયૂશન' અને રૂપબદ્ધતા / રૂપબદ્ધતા અને 'નૉટેયૂશન' – એવા ક્રમમાં ગૂંચવાઈ જઈ તાત્ત્વિક પ્રશ્નો તરફ દુર્લક્ષ કરી બેઠું એ સ્વીકારીએ, તો ય ફૉલિએ તેમના ધ્વનિસ્વરૂપને તેમના વ્યાકરણથી સ્વતંત્ર રીતે મૂલવ્યું તે હું સ્વીકારી શકતી નથી. ચૉમ્સ્કી અને હેલેએ જોયું કે ભાષાના પ્રત્યક્ષ ધ્વનિરૂપોમાં દેખાતી ભિન્નતા પાછળ કોઈ ગર્ભિત પ્રતિનિધાન રહ્યું હોય. આ બતાવવા જતાં એ લોકો ભાષાના ઐતિહાસિક કે કાલક્રમી સ્તરમાં ખસી પડ્યા, અને સાથે જ ઇતિહાસકાલીન અમૂર્ત રૂપને પ્રત્યક્ષ રૂપ સુધી

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પહોંચાડવાનો પ્રયત્ન કરવા લાગ્યા. આમ અમાપ વિસ્તારમાં ખસી જતાં તેમણે અમૂર્ત–પ્રત્યક્ષનો જબરો વિરોધ ઊભો કરી મૂક્યો. છતાં હું માનું છું કે એમના ટીકાકારો અહીં સહેજ નબળા તો પડે જ છે, કારણ કાલાનુક્રમિકથી એકકાલીન અને વ્યાકરણથી ધ્વનિસ્વરૂપ સુધી વિસ્તરતો એમનો અભિગમ એટલા જ વિસ્તૃત ફલક ઉપર રજૂ થયેલી હોય તેવી બીજી વિચારસરણીની સાથે રાખીને જ મૂલવાય.

હવે ફૉલિના સિદ્ધાંતો તરફ વળીએ. એમના ત્રીજા પ્રકરણમાં એમણે ધ્વનિસ્વરૂપગત તત્ત્વો રજૂ કર્યાં છે આ તત્ત્વો સમજવા માટેની એક દિશા એ તત્ત્વોનાં રૂપપરિવર્તનો ('મેટૅસ્ટૅસિઝ')ને તપાસવામાં – આ તત્ત્વો એક રૂપમાંથી બીજા રૂપ તરફ ખસે તે તપાસવામાં – રહેલી છે.

ટ્રૅ. અભિગમ પ્રમાણે જો નિયમ ધ્વનિના સ્વાભાવિક વર્ગને સમગ્ર રીતે લાગુ પડતો હોય તો એને **વિશિષ્ટ** ગણવો પડે. ફૉલિ આનાથી ઊંધું માને છે અને પુરવાર પણ કરે છે. એમનું કહેવું છે કે નિયમ જ્યારે માત્ર અમુક ધ્વનિ / ધ્વનિઓને જ લાગુ પડતો હોય ત્યારે જ એને **વિશિષ્ટ** ગણાય; પણ જ્યારે એ નિયમનું સામાન્યીકરણ (generalization) થઈ સમગ્ર વર્ગને એ લાગુ પડે ત્યારે એ સામાન્ય નિયમ ગણાય. ફૉલિની આ વિભાવના એક મહત્ત્વની સમજણ આપે છે. ભાષામાં થતાં ધ્વનિપરિવર્તનો – કાલાનુક્રમિક કે એકકાલીન – ને સમજાવવા ફૉલિ કેટલાંક ધ્રુવ-લક્ષણો નક્કી કરી આપે છે. સ્પર્શ ધ્વનિ ઘણી વાર સંઘર્ષી થતો જોવા મળે છે. આ પ્રક્રિયા એ ધ્વનિ નિર્બળ બનતાં થતી પ્રક્રિયા છે. ધ્વનિ નિર્બળ સંદર્ભમાં નિર્બળ બને અને એમાં પણ ખાસ અમુક પ્રકારના ધ્વનિમાં આ જાતનું મૃદૂકરણ વધુ જલદી ક્રિયાશીલ બને એ શક્યતાઓને ફૉલિએ સ્પષ્ટ કરી અને સાપેક્ષ રીતે પ્રબળ તથા નિર્બળ ધ્વનિના ક્રમ સ્થાપ્યા. સંઘર્ષીકરણ એ ધ્વનિસ્વરૂપનાં તત્ત્વો વચ્ચેના અમૂર્ત સંબંધ '$\propto$'નું પ્રત્યક્ષીકરણ છે.

'$\propto$' સંબંધ' = ધ્વનિસ્વરૂપગત તત્ત્વોની સાપેક્ષ શક્તિ જે કંઠ્ય, દંત્ય, ઓષ્ઠ્ય ધ્વનિઓમાં પ્રત્યક્ષ થાય.

ઉત્તર જર્મનમાં g → ɣ થાય છે – જ્યારે 'g' એ સ્વરોની વચ્ચમાં હોય ત્યારે. પણ 'b' અને 'd' એમ જ રહે છે. કેટલીક ભાષાઓમાં 'g' અને 'b'નું સંઘર્ષીકરણ થાય, પણ 'd' એમ જ રહે. કેટલીકમાં ત્રણેનું સંઘર્ષીકરણ થાય; જેમ કે

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

$g \rightarrow \gamma$
$b \rightarrow \beta$
$d \rightarrow \delta$

આ મૃદૂકરણ સ્વાભાવિક વૈશ્વિક પ્રક્રિયા છે, પણ એમાં ‘g’ સૌથી નિર્બળ હોવાથી એનું મૃદૂકરણ સૌથી પહેલાં થાય, પછી ‘b’ નું થાય, અને પછી જ ‘d’ નું થઈ શકે. આથી જ્યાં ‘g’ નું જ સંઘર્ષીકરણ થયું હોય તેને વિશિષ્ટ (‘ટિપિકલ’) નિયમ ગણવો પડે, કારણ $g \rightarrow \gamma$ એ એક આદિમ (‘પ્રાયૂમોર્ડિઅલ’) નિયમ છે, જેમાંથી બીજી સંઘર્ષીકરણની શકયતા જન્મે છે અને નિયમનું સામન્યીકરણ થાય છે. આમ ફોલિમાં નિયમોની વિભાવના તદ્દન જુદું સ્વરૂપ લે છે. આના ઉપરથી ફોલિએ મૃદૂકરણનો સાર્વત્રિક નિયમ રજૂ કર્યો છે :

સાર્વત્રિક નિયમ : $[+\text{voice}\ \alpha_n] \rightarrow [+\text{cont}]\ /\ \text{v}\text{—}\text{v}$

અર્થાત્ ઘોષ સ્પર્શધ્વનિ સંઘર્ષી બને અને તે બે સ્વર વચ્ચે. આ સાર્વત્રિક સમાનતા હોઈ શકે તેનો નિર્દેશ કરે છે.

સાર્વત્રિક શરત : $1 \leq n \leq m$

આનો અર્થ એમ કે ‘n’ નું મૂલ્ય ‘n’ થી માંડી ‘m’ સુધીનું હોઈ શકે અને ‘m’ નું મૂલ્ય દરેક ભાષાએ ભાષાએ (જ્યાં મૃદૂકરણ થતું હોય ત્યાં) બદલાય. આ શરત સાર્વત્રિક વૈષમ્ય બતાવે છે.

પ્રાદેશિક શરત : $m = 1$ ઉત્તર જર્મન માટે
$m = 2$ ડૅનિશ માટે
$m = 3$ સ્પૅનિશ માટે.

સાર્વત્રિક વૈષમ્ય એ મૃદૂકરણની પ્રક્રિયા કયાં લાગુ પડવાનું પસંદ કરે તેની — નબળા ધ્વનિની નબળા થવાની શકયતા વધારે હોય તેની — સૂચક છે.

હું આના કેટલાક ગુજરાતી દાખલા આપીને સમજૂતી આપવાનો પ્રયત્ન અહીં કરું છું. તે પહેલાં થોડુંક વિષયાંતર અનિવાર્ય બને છે. ગુજરાતી ભાષાની બોલીઓને બે મુખ્ય વિભાગમાં વહેંચવી પડે. આ વિભાગો આમ તો હું ‘ફોનેયૂશન ટાયૂપ’ (સ્વરોચ્ચારણ)ના વૈવિધ્ય કે પ્રકારને આધારે પાડું. ‘ફોનેયૂશન’ એટલે કોઈ પણ પ્રકારની ‘લૅરિન્ક્સ’ની પ્રક્રિયા જે ધ્વનિ–ઉચ્ચારણ માટે નિમિત્ત બનતી ન હોય તે. આને સામાન્ય ભાષામાં ‘વૉયૂસ ક્વૉલિટી’ તરીકે ઓળખવામાં આવે છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

સામાન્ય રીતે કાઠિયાવાડી બોલી તરીકે જેને ઓળખીએ છીએ તે આમ તો જુદીજુદી બોલીઓનો એક પ્રદેશ છે. પણ તે સમગ્ર પ્રદેશની એક વિશિષ્ટતા છે અને તે ‘ફોનેયૂશન’ના પ્રકારની. એ પ્રદેશની બોલીમાં મર્મરયુક્ત ‘ફોનેયૂશન’નથી અને તે ઉપરાંત જેને દઢ (‘ટાયૂટ’) ‘ફોનેયૂશન’ સામાન્ય રીતે કહેવાય, એવા ‘ફોનેયૂશન’થી એનો સંપૂર્ણ વ્યવહાર થતો હોય છે. ગુજરાતી ભાષાની આ એક અત્યંત ધ્યાન ખેંચે એવી વિશિષ્ટતા છે; ફર્થ અને કેટફર્ડે આની નોંધ લીધી છે, જો કે એમનાં અવલોકનો થોડાંક ખોટાં છે, કારણ એ બોલીઓ વચ્ચેનો ભેદ નોંધી શક્યા નથી. મર્મરયુક્ત ગુજરાતી અને એથી વિરુદ્ધ આવી દઢ ‘ફોનેયૂશન’વાળી ગુજરાતી એમ બે મહત્ત્વના બોલી-વિભાગો બને છે. સાથે જ એક અત્યંત સૂચક લક્ષણ આપોઆપ નોંધવું પડે. જે બોલી મર્મરયુક્ત છે તેમાં એક પ્રકારનું “માર્દવ’ – ઘોષ [ḣ] ના અસ્તિત્વની સાથે જ આવતું મૃદૂકરણ – આવે છે, જ્યારે જે બોલીમાં દઢ ‘ફોનેયૂશન’ છે તેમાં આવું મૃદૂકરણ નથી હોતું. આ ભેદ અહીં રજૂ કરવાનું કારણ એ કે મૃદૂકરણના જે દાખલા અહીં નોંધ્યા છે તે કાઠિયાવાડી બોલી માટે સાચા ન હોય એ બનવા જોગ છે, પણ એ દૃષ્ટિએ મેં સામગ્રી તપાસી ન હોવાથી ચોક્કસપણે એવું વિધાન કરવું યોગ્ય નથી; છતાં એક નિર્દેશ કરવો ઉચિત એમ માનીને આ સ્પષ્ટીકરણ કર્યું છે. દઢ સ્વરોચ્ચારણમાં થતું સ્વરપેટીના સ્નાયુઓનું તંગપણું મૃદૂકરણ માટે અનુકૂળ ન હોય એ શક્ય જ છે. છતાં અહીં આપેલા દાખલા મર્મરયુક્ત ગુજરાતી બોલીઓમાં પણ સંભવે એ સમજી લેવું જોઈએ.

ફોલિએ ‘g’ → ‘ɣ’ પ્રકારના મૃદૂકરણને આદિમ કહ્યું છે. આથી હું કંઠ્ય ‘g’ થી દાખલા આપવાનું શરૂ કરું. મેં ફક્ત એક જ સંદર્ભ અહીં લીધો છે. બે અક્ષરવાળા ગુજરાતી શબ્દો જેમાં (c)vc – cv એવો ક્રમ હોય તે જોઈએ:

જુઓ :

આગ–ળો, કાગ–ડો, કોગ–ળો, દેગ–ડો, મોગ–રો, ભોગ–વો, રાગ–ડો વગેરે.

આ શબ્દોમાં ‘g’નું મૃદૂકરણ થાય છે. અહીં સંદર્ભો પણ ફોલિએ કહ્યા પ્રમાણે ધ્વનિને નિર્બળ બનાવી શકે – અથવા તો નિર્બળ બનવાને કારણરૂપ બને — એવા છે. ‘g’ પછી [ḷ, ḍ, r, w,] આવે છે અને પહેલા ‘સ્વર’ આવે છે. અને છતાં [g + ḷ, ḍ, r, w] એ વ્યંજનો

For Private and Personal Use Only

સંયુક્ત નથી બનતા. આટલા દાખલા આપણને બીજા ઘોષ સ્પર્શ વ્યંજનોને આવા સંદર્ભમાં જોવા પ્રેરે.

જુઓ [d] :

કોદરી, ગોદડી, દાદરો, પાદરી, વાદળી વગેરે.

જુઓ [ḍ]

અડવું, કડવું, લાડવો,ફાડવું, ફોડવું, તોડવું વગેરે.

જુઓ [ḍ]

આબરુ, કાબરી, ખાબડુ, ગાબડુ. છાબડી, જબરી, તોબરો, દાબડો, ધાબળો વગેરે.

આની સાપેક્ષ ધ્વનિસ્વરૂપગત શક્તિ 'α' આ પ્રમાણે અપાય :

g	ḍ	d	b
1	2	3	4 →

ઉપરના નિયમમાં આવતા 'm'નું ગુજરાતી માટેનું 'મૂલ્ય' ૪ રહે; કારણ ચારે ઘોષ સ્પર્શ આ રીતે બદલાય છે.

ફોલિએ જોયું કે મૃદૂકરણની પ્રક્રિયામાં એક તો સંઘર્ષીકરણની શકયતા હોય, બીજું કે નિર્બળ ધ્વનિનું મૃદૂકરણ પહેલાં થાય અને ત્રીજું એ કે, નિર્બળ સંદર્ભોમાં ધ્વનિ પ્રબળ રહી ન શકે. આથી એમણે 'β'નું ધ્રુવ-લક્ષણ ઉમેર્યું. આ લક્ષણ અઘોષ સ્પર્શધ્વનિનાં યુગ્મોનું મૃદૂકરણ કરી એમને એક જ અઘોષ ધ્વનિમાં ફેરવે. આ અઘોષ ધ્વનિ નિર્બળ સંદર્ભમાં ઘોષ બને, મૃદૂકરણની પ્રક્રિયા ચાલુ રહે તો એનો સંઘર્ષી બને. આ બન્ને લક્ષણો α, β ને એમણે નીચે પ્રમાણે રજૂ કર્યાં :

β (૪ ↑)			
4	kk	tt	pp
3	k	t	p
2	g	d	b
1	γ	δ	β
	1	2	3 →
		α	

અહીં આપેલા ક્રમાંક પ્રબળતાનું માપ બતાવે છે. આ જ રીતે ફોલિ 'નાદ' ('રેઝનન્સ')ના પ્રમાણ માટેનું લક્ષણ 'P' નક્કી કરે છે, જે

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

નાદની માત્રાનું માપ સૂચવે. સાધારણ રીતે પાર્શ્વિકો, પ્રકંપી, નાસિક્ય ધ્વનિઓમાં સ્પર્શ અને સંઘર્ષી કરતાં વધારે 'નાદ'નું પ્રમાણ હોય.

t	s	n	l
1	2	3	4 →

એમનું '૪' ધ્રુવ-લક્ષણ ધ્વનિસ્વરૂપનાં તત્ત્વોનું આંતરિક બંધારણ રજૂ કરે. ऐ (ai)નો अय् (ay) થઈ ए થાય અને kw નો k^w થઈ p થાય એવાં ઉદાહરણો સૂચવે છે કે બે નજીક આવતાં તત્ત્વોનો સમન્વય થતાં બન્ને એટલાં નજીક આવી જાય કે એ બેમાંથી એક તત્ત્વ પરિણમે; જેમ કે

૪$_1$	૪$_2$	૪$_3$
ai	a^y	e
au	a^w	o
kw	k^w	p
ph	p^h	f
th	t^h	θ
kh	k^h	X
bh	b^h	β
dh	d^h	δ
gh	g^h	γ
hw	h^w	f
Nd	^{n}d	n

આમાં ૪$_1$ એ બે નજીકનાં તત્ત્વો વચ્ચેનો સંબંધ છે, ૪$_2$ એ બે તત્ત્વો વચ્ચેનો વધારે ઘનિષ્ઠ સંબંધ છે અને ૪$_3$ એ સૌથી ઘનિષ્ઠ સંબંધ છે, જેમાં બે તત્ત્વો એક થઈ જાય છે. ૪$_2$નાં તત્ત્વો ઘનિષ્ઠ હોવા છતાં પોતાની વિશિષ્ટતા જાળવી રાખતા હોય, જ્યારે ૪$_3$માં બે તત્ત્વોનું સ્વતંત્ર અસ્તિત્વ જ નથી રહેતું. આમાં સમજવાનું એ છે કે ૪$_3$માં તત્ત્વો વચ્ચેનો સંબંધ ઘનિષ્ઠ થાય પણ તત્ત્વોનું ક્યારેક મૃદૂકરણ પણ થાય. ૪$_2$ → ૪$_3$ની પ્રક્રિયા થોડીક જુદી રીતે મમરયુક્ત બોલીમાં જોવા મળે છે. કેટલાંક ઉદાહરણો જુઓ [k^h]

દાખલો, નાખવું, મોખરે, પોખવું, લખવું વગેરે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

જુઓ [g^h]

ઘોઘરો, બોઘલું, સઘડી વગેરે.

જુઓ [d^h]

કાઢવું, વાઢવું, લઢવું, મઢવું વગેરે.

જુઓ [t^h]

મથવું, સાથવો વગેરે.

જુઓ [d^h]

પાધરું, લાધવું, વધવું, સાધવું, માધવી વગેરે.

જુઓ [p^h]

આફરો, સફલું વગેરે.

જુઓ [b^h]

અભરે, ઝભલું, ગભરાય, ભભરુ વગેરે. અહીં પણ સંદર્ભ ઘણુંખરું આગળનાં ઉદાહરણો જેવો જ છે, પણ ગુજરાતીની આ પ્રક્રિયા સાથે કદાચ કેટલાક સંમત ન થાય એવું બને. જો કે સપ્રાણતા સાથે આવતું મૃદૂકરણ એ સ્વાભાવિક પ્રક્રિયા છે અને અત્યંત સભાનપણે એવું મૃદૂકરણ ન થવા દઈએ તો જ કદાચ આ ઉદાહરણો ખોટાં લાગે. બાકી તો $p^h \rightarrow f$ અને $b^h \rightarrow \beta$ તો દેખીતી રીતે જ અસ્તિત્વમાં છે એ સ્વીકારાઈ ગયેલી હકીકત છે. ગુજરાતીનાં આવાં ઉદાહરણો જોતાં ફોલિના અભિગમમાં રહેલું સ્વાભાવિકપણું સ્પષ્ટ થશે. ફોલિના સમગ્ર લખાણ દરમ્યાન એમણે એક વાતને મહત્ત્વ આપ્યું છે અને તે એ કે કોઈ પણ સૈદ્ધાંતિક વિચારણા ભાષાના આંતરિક પ્રવાહો અને સંબંધો સમજવા અંગેની દૃષ્ટિ ન આપે તો તેને નિષ્ફળ ગણવી પડે.

એમણે જોયું કે વ્યંજનની જેમ સ્વરોની પણ સાપેક્ષ શક્તિ નક્કી થાય. અગ્ર સ્વરો પૃષ્ઠ સ્વરો કરતાં નિર્બળ હોય અને ઉચ્ચ સ્વરો નિમ્ન સ્વરો કરતાં નિર્બળ હોય. આમ જે ઉચ્ચ-અગ્ર હોય તે નિમ્ન-પૃષ્ઠ કરતાં નિર્બળ રહે. એમણે આ સાપેક્ષ પ્રબળતાને 'w' અને 'n' લક્ષણો વડે રજૂ કરી.

સ્વરોનો લોપ જે ક્રમમાં થાય તે ઉપરથી અથવા તો સ્વરો જે ક્રમમાં બદલાઈ શકતા હોય તે ઉપરથી કહેવાય કે 'e' 'o' કરતાં નબળો છે.

e · o

——→

1 2

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ધ્વનિસ્વરૂપગત તત્ત્વોની સાપેક્ષ શક્તિ 'w' : સ્વરોના નાસિક્યત્વ, લોપ, ઉષ્મીકરણ વગેરે પ્રક્રિયાઓ ઉપરથી નીચે પ્રમાણેનો ક્રમ નક્કી કરાય :



ધ્વનિસ્વરૂપગત તત્ત્વોની સાપેક્ષ શક્તિ n: આ બન્ને ભેગા કરીએ તો નીચે પ્રમાણે ક્રમ રજૂ કરાય :



આ બન્નેનાં મૂલ્યો ભેગાં કરીએ તો 'n, w' સાપેક્ષ શક્તિ મળે.



સાતમા પ્રકરણમાં ફોલિ કહે છે કે આવા સાર્વત્રિક નિયમોની વ્યવસ્થાનું નિયંત્રણ 'ઇનર્શિઅલ' વિકાસનો સિદ્ધાંત કરે છે. આ સિદ્ધાંત પ્રબળ તત્ત્વોને વધુ પ્રબળ બનાવે, જો એમને પ્રબળ સંદર્ભો મળે તો; અને નિર્બળ તત્ત્વોને વધુ નિર્બળ બનાવે, જો એ નિર્બળ સંદર્ભોમાં હોય તો. આ સિદ્ધાંત તત્ત્વોની સંદર્ભગત પ્રબળતાનો નિર્દેશ કરે છે. આમ પ્રબલીકરણ અને મૃદૂકરણ તત્ત્વોની અંતર્ગત અને સંદર્ભગત શક્તિ ઉપર આધાર રાખે છે અને સાથે જ તત્ત્વોની પડોશમાં રહેલાં તત્ત્વોની શક્તિ ઉપર પણ આધાર રાખે છે. જ્યારે નિર્બળમાં નિર્બળ તત્ત્વ નિર્બળ બને ત્યારે એનો લોપ જ થઈ જાય. પણ જ્યારે પ્રબળમાં પ્રબળ તત્ત્વનું પ્રબલીકરણ થાય ત્યારે—એટલે કે એને પ્રબળ થવા માટે ધ્વનિવૈજ્ઞાનિક રીતે કોઈ તત્ત્વની શક્યતા ન હોય ત્યારે એનું નિર્બળમાં નિર્બળ ધ્વનિમાં પરિવર્તન થાય.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પોતાના આ સિદ્ધાંતોને પુરવાર કરવા માટે ફોલિએ નાસિક્યતા અને ઉષ્મતાનો સાર્વત્રિક વ્યવહાર વિગતવાર રજૂ કર્યો છે. આમાંથી એમની નાસિક્યતા ઉપરની ચર્ચા થોડીક જોઈએ. ગુજરાતી ભાષામાં આવાં ઘણાં ઉદાહરણો હોવાથી આ ચર્ચા સહેલાઈથી સ્પષ્ટ કરી શકાશે.

ફોલિ કહે છે કે જ્યારે નાસિક્ય વ્યંજનનો લોપ થાય છે ત્યારે આગલા સ્વરમાં એનું નાસિક્યત્વ ભળે છે. અને માટે $VN \rightarrow \tilde{V}$ જેવો નિયમ આપીએ તો કશું તાત્ત્વિક સમજાવી શકાતું નથી. આ પ્રક્રિયા સમજવા માટે કેટલાક પ્રશ્નો એમણે મૂક્યા છે:

(૧) શા માટે નાસિક્યતાની પ્રક્રિયા એકાક્ષરી શબ્દોની સીમામાં મર્યાદિત રહે છે? — અર્થાત્ 'ટૉટસિલેબિક' કેમ રહે છે?

(૨) નાસિક્ય વ્યંજન લોપાતાં પરિણમેલા નાસિક્ય સ્વરોનું નિમ્નીકરણ શા માટે થાય છે?

(૩) શા માટે ઉત્તર-જર્મન બોલીમાં માત્ર પહેલા જ નાસિક્ય વ્યંજનનું વિલોપન થાય છે?

(૪) શા માટે અંગ્રેજીમાં નાસિક્યવિલોપન માત્ર સંઘર્ષી વ્યંજન પહેલાં થાય છે?

(૫) શા માટે પોર્તુગીઝમાં આવું નાસિક્યવિલોપન માત્ર બે સ્વરોની વચમાં થાય છે અને સ્પર્શ-વ્યંજન પહેલાં નથી થતું?

(૬) શા માટે એવા જ સંદર્ભમાં હોવા છતાં લૅટિન 'manus' અને 'bona' જુદાં પરિણામો બતાવે છે?—

manus → mão પણ bona → boa.

(૭) શા માટે સંસ્કૃતમાં **हतः**માં નાસિક્યવિલોપન થાય પણ **हन्मि**માં ન થાય?

(૮) શા માટે લૅટિનમાં નાસિક્યવિલોપન થઈ homo (∠ *homon) થાય છે પણ nomen (∠ *nomen) એમ જ રહે છે? આ પ્રશ્નો ફોલિના અભિગમને વિશિષ્ટ રૂપ આપે છે. જુદીજુદી ભાષાની સામગ્રી લઈને દરેકનાં ધ્વનિપરિવર્તનો માટે નિયમો આપવા એ મુશ્કેલ નથી, પણ એ બધી પ્રક્રિયાઓ ઉપરથી તારવીને એક સાર્વત્રિક ખુલાસો આપવો તે જ 'એક્સ્પ્લેનેટરી એડિક્વસી'ની નજીક જાય છે. ફોલિ આ રીતે

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

એક સાર્વત્રિક પદ્ધતિ આપે છે. ગોય્વાએર્ત્ઝે કહ્યું છે કે "Throughout F's book the message is very clear: the ultimate concern of phonologists must be with **understanding**, not merely with **notation**."

નાસિક્યત્વની પ્રક્રિયાની કેવા કેવા પ્રત્યક્ષ સ્વરૂપોમાં અપેક્ષા કરી શકાય તેનો એક સ્પષ્ટ ખ્યાલ એમના આ પ્રકરણથી આવી જાય છે.

હવે ફોલિની ચર્ચા થોડાંક ગુજરાતી ઉદાહરણોથી સમજીએ. જ્યારે નાસિક્ય વ્યંજનનો લોપ થાય ત્યારે ક્યારેક સહવર્તી સ્વરમાં એની નાસિક્યતા પ્રવેશે; તો ક્યારેક પશ્ચાદ્ગામી સારૂપ્ય થઈ નાસિક્યની પાસેના વ્યંજનનું નાસિક્ય વ્યંજનમાં પરિવર્તન થાય. જેમ કે Latin somnus ∠ *sopnus. શક્ય હોય કે ગુજરાતીમાં આવતો 'શમણું' શબ્દ નીચેનાં કારણો – ભાષાના સ્વાભાવિક નિયમો – પ્રમાણે 'સ્વપ્ન' શબ્દ ઉપરથી થયો હોય:

૧	sv̩əpnəkˈəm	અંત્ય નાસિક્ય નિર્બળ પરિસરમાં હોઈને તેનું વિલોપન
	svəpnəkˈəũ	ક્નો નિર્બળ પરિસરમાં લોપ
૨	☆ svəpnə – ˈəũ	
	svəpnˈeũ	
૩	svəpnˈũ	સ્વરયુગ્મનું નિર્બળ થવું અને સ્વરભારનું ખસવું
૪	sˈəpnũ / ʃəpnũ	સંયુક્ત વ્યંજનનું સરલીકરણ અને પ્રબળ પરિસરમાં તાલવ્યીકરણ.
૫	ʃˈəpnũ	અક્ષરના આદિસ્થાને રહેલા નાસિક્યનું પ્રબલીકરણ
૬	ʃəmnũ	પશ્ચાદ્ગામી સારૂપ્ય.

ક્યારેક ક્યારેક નાસિક્ય-વિલોપન થાય ત્યારે નાસિક્યને બદલે અર્ધ-સ્વરકણ (glidal element) આવે; જેમ કે પોર્તુગીઝમાં falam [falə̃w], 'તેઓ બોલે છે'. આનું ગુજરાતી ઉદાહરણ છે જ. 'કંસ'

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

શબ્દ એ રીતે ઉચ્ચારાય છે [kəns] અથવા [kə̃us]. તેવી જ રીતે 'વંશ', 'સંશય' ના પણ એ ઉચ્ચારો પ્રચલિત છે. જો કે 'હંસા'. 'ડંસ' મોટે ભાગે 'N + C' સાથે બોલાય છે, જેમ કે [hənsa], [dens]. આવી જ રીતે જ્યારે પાર્શ્વિકો અને પ્રકંપીઓનો લોપ થાય ત્યારે તેમની જગ્યાએ ક્યારેક અર્ધસ્વરકણ આવે. એના પણ ગુજરાતી બોલીમાં દાખલા મળે છે: જેમ કે 'શેરડી'માંનો 'ર' જતો રહી 'શેયડી'. ફેલિ આને 'પ્રવાહી ધ્વનિઓનું સ્વરીકરણ' કહે છે. નાસિક્ય વ્યંજન અને પ્રકંપી/પાર્શ્વિકોના બદલામાં શ્રુતિ ('ગ્લાયડ') આવી શકે તે હકીકતમાં ફેલિ એક જાતની સમાંતરતા જુએ છે. એમણે એમના 'P' લક્ષણમાં નાસિક્યો અને પ્રવાહીઓને સાથે મૂક્યા જ છે. નાસિક્યવિલોપન પણ સંદર્ભઆધારિત છે. જર્મનમાં ફક્ત [x] પહેલાં આવતા નાસિક્યનો લોપ થાય.

★ denkte > dachte

ફેલિ બતાવે છે કે અહીં પણ નિર્બળ નાસિક્ય પહેલાં લોપાય.

g	d	b
n	n	m
1	2	3

આમ 'n' નો લોપ પહેલાં જ થાય અને ત્યાર પછી જ 'n' કે 'm'નો લોપ થાય. નાસિક્ય પહેલાં આવતો સ્વર સ્વરભારરહિત હોય તો તે નાસિક્યનો લોપ થાય, કારણ એનો સંદર્ભ નિર્બળ છે; જેમ કે

સંસ્કૃત ★ hantha બી. પુ. બ. વ. hatha

પણ પ્ર. પુ. એ. વ. hanmi

તેવી જ રીતે પ્રબળ તત્ત્વ પછી આવતા નાસિક્યનો પણ લોપ થાય. ગુજરાતીમાં બોલીભેદ પ્રમાણે બે શક્યતાઓ દેખાય છે :

૧. નાસિક્ય વ્યંજનનો લોપ થઈ આગળના સ્વરમાં નાસિક્યતા ભળે :

[gãdhi]

૨. નાસિક્યવ્યંજન અને પછીના વ્યંજનનો બનેલો ગુચ્છ કાયમ રહે :

[gandhi]

કેટલાક શબ્દોમાં (બધી જ બોલીઓમાં) નાસિક્ય વ્યંજન લોપાઈ સ્વરમાં નાસિક્યતા ભળે છે; જેમ કે

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

[pãkʰ]	પાંખ પણ	[ˈpənkho]	પંખો
[vãk]	વાંક	[ˈvənkaj]	વંકાય
[tʃãtʃ]	ચાંચ	[ˈtʃəntʃu]	ચંચુ
[pãtʃ]	પાંચ	[ˈpəntʃ]	પંચ
[tãtṇo]	તાંતણો	[ˈdəntmendzsən]	દંતમંજન
[kãṭo]	કાંટો	[ˈkənṭək]	કંટક
[kãṭho]	કાંઠો	[ˈkənṭ]	કંઠ

અહીં થતું નાસિક્યવિલોપન માત્ર રૂપવિચારના નિયમથી સમજાવી શકાય નહિ. આથી ફોલિએ નાસિક્યવિલોપન ક્યારે થાય તેનાં કારણો નોંધ્યાં :

૧. સ્વરભારરહિત સ્વર પછીના નાસિક્ય વ્યંજનનો લોપ થાય.

૨. પ્રબળ તત્ત્વ પછીના નાસિક્ય વ્યંજનનો લોપ થાય.

અહીં એ નોંધવું જરૂરી છે કે ફોલિ જેને નિર્બળ સંદર્ભો કે પ્રબળ સંદર્ભો કહે છે તેનો આ અક્ષરમાળખા સાથે ઘનિષ્ઠ સંબંધ છે. ફોલિ આ અંગેની સ્પષ્ટતા કરતા નથી. પણ સ્વરભાર અને અક્ષરમાળખું એકબીજા સાથે સંબંધિત છે જ. વળી વ્યંજનગુચ્છનું સરલીકરણ અને નાસિક્યવિલોપન એ બન્ને પ્રક્રિયા પણ અક્ષરમાળખાને બદલી સ્વરભારને ખસેડતી હોવાથી અક્ષર-માળખાનું મહત્ત્વ આ સમગ્ર વ્યાપારમાં વિશિષ્ટ છે. ઍન્ડર્સન અને જોન્ઝે એમના લેખમાં અક્ષરના આલંબન–સંબંધો નોંધ્યા છે.

ઉપરના ગુજરાતી દાખલાઓ ઉપરથી જોઈ શકાશે કે [ə] સ્વરમાં આ રીતની નાસિક્યતા ભળી નથી. 'કંસ', 'વંશ' જેવા થોડાક જ શબ્દોમાં – જ્યાં બોલીભેદ પ્રમાણે બે ઉચ્ચારણો શક્ય છે ત્યાં – નાસિક્યવ્યંજન લોપાતાં ઉદ્ભવતો અર્ધસ્વર અને આગળનો [ə] મળીને એક અક્ષર (સંયુક્ત સ્વર) જ રહે છે અને તેથી નાસિક્યતા [ə] માં નહિ, પણ આખા અક્ષરમાં ભળે છે. સાથે જ એમ પણ પ્રશ્ન પુછાય કે શા માટે 'ʃ, s' પહેલાંના નાસિક્યનો લોપ થાય ત્યારે જ અર્ધસ્વર ઉદ્ભવે છે ? ઍન્ડર્સન અને જોન્ઝે વિકસાવેલાં લક્ષણો પ્રમાણે જોતાં 'કંસ'માંના 'əns' ને આમ રજૂ કરી શકાય :

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

```
v  v  v, c
   |
|  c   |
   |
ə  n   s
```

આ ત્રણેમાં અક્ષરત્વનું અસ્તિત્વ હોવાથી કદાચ 'n' ને બદલે અર્ધ-સ્વર આવી આખો ક્રમ વધારે 'સ્વરમય ('v-er') બન્યો છે એમ કહીએ. 'પાંખ' જેવા શબ્દોમાં નીચે પ્રમાણે નાસિકયવિલોપન થયું હોય :

★ $pənk^h$ ($pənk^heh ə$) વ્યંજનગુચ્છનું સરલીકરણ

(૧) $p\ \tilde{ə}\ k^h$ નાસિકયવિલોપન

(n → ɸ + ~) આક્ષરિક સંતુલન

(૨) $p\ \tilde{a}\ k^h$ સ્વરનું દીર્ઘીકરણ / નિમ્નીકરણ

(૩) $p\ \tilde{a}\ k^h$ નાસિક્યનો આવિષ્કાર

પ્રશ્ન થાય કે શા માટે અમુક બોલીમાં (મારી બોલીમાં) નાસિકય + અઘોષ વ્યંજન હોય ત્યારે નાસિકય-વિલોપન થાય અને નાસિકય + ઘોષ વ્યંજન હોય ત્યારે ન થાય ? જુઓ નીચેનાં ઉદાહરણો :

લાંબું	ખૂંધો	વીંટી	ગૂંડો	
થાંભલો	છૂંદો	ચાંદલો	ગાંડો	
સાંભેલું	તાંદૂલ	વાંદો	કૂંડી	
કાંદો	પાંદડું	માંદો	પૂંગી	
ગાંધી	બાંધ	ઝૂંડ	પાંગળો	
ગૂંદવું	ખૂંદી	દાંડો	ભાંગ	વગેરે.

જો કે વડોદરાની બોલીમાં આમાંના ઘણાખરા શબ્દોમાં નાસિકયવિલોપન થઈ [a] સ્વરમાં નાસિકયત્વ ભળે છે. ફોલિએ બતાવેલા પ્રબળ સંદર્ભોમાં એક આ પ્રમાણેનો સંદર્ભ ઉમેરીએ કે જ્યારે નાસિકય પછી ઘોષ વ્યંજન હોય ત્યારે નાસિકય પ્રબળ બને – અર્થાત્ ઈવને બતાવેલા 'આલંબન-બંધન' પ્રમાણે અક્ષરત્વનું પ્રમાણ વધી નાસિકય અને ઘોષવ્યંજન વચ્ચેનો સંબંધ પ્રબળ બને; જેમ કે

```
v        c
|        |
c        v
|
નાસિકય ઘોષ સ્પર્શ
```


For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

આવું હોય ત્યારે નાસિક્યવિલોપનની પ્રક્રિયા ધીમી બને. આ પ્રક્રિયા ધીમે ધીમે ચાલુ રહી પ્રસરતી આવતી હોવાનાં ઉદાહરણો ગુજરાતીમાં છે. નીચેના કોઠા ઉપરથી સમજાશે કે (क) માંના શબ્દો નાસિક્યવિલોપન થઈને આવેલા છે – જે કાલાનુક્રમી પ્રક્રિયાનું પરિણામ છે. (ख) માંના શબ્દો મારી બોલીમાં $V + N + C$ અથવા $\tilde{V} + C$ એમ બન્ને રીતે બોલાવાની શક્યતાવાળા છે. (ग) માંના શબ્દોમાં (વડોદરાની બોલીમાં) '$\tilde{V} + C$' એવો ઉચ્ચાર થાય છે.

(क)	(ख)	(ग)
દાંત	સોંઘું	ગાંધી
તાંતણો	ઝાંઝ	રાંધવું
ચાંચ	માંગ	સાંધવું
પાંચ	ખાંડણી	કાંડું
કાંઠો	મોંઘું	ગાંડો
રાંક		ખાંજરે
વાંક		ભાંગવું
કાંટો		

ઉપરના દાખલા બતાવે છે કે જે કાલાનુક્રમે થઈ ગયું (क) તે કોઈ ને કોઈ રૂપે ચાલુ રહે છે — અર્થાત્ એ પ્રક્રિયા પ્રવાહરૂપે જીવંત રહી કોઈ ને કોઈ બોલીમાં પ્રત્યક્ષ થાય છે. નાસિક્યનો લોપ થવો કે નાસિક્યને જાળવી રાખવો એ બન્ને પ્રક્રિયા ગુજરાતીમાં પ્રવર્તી રહેલી છે. સંસ્કૃતના નપુંસકના અન્ત્ય 'अम्'માંથી નાસિક્યવિલોપન થઈ જે અર્ધસ્વર રહે તે અને આગળનો [ə] મળી એક 'અક્ષર' બને, જેમાં નાસિક્યતા ભળેલી હોય. આ ઉં રૂપે ગુજરાતીમાં દેખાતું નપુંસક રૂપ પણ નાસિક્યતા જાળવી શકતું નથી. મોટા ભાગની બોલીઓમાંથી આ નાસિક્યતા જતી રહી છે. માત્ર નાગરોની બોલીમાં એ હજી જળવાઈ રહી છે, પણ ક્યાં સુધી આ નિર્બળ સંદર્ભમાંની નાસિક્યતા રહેશે તે કહી શકાય નહિ ફોલિએ નાસિક્યતાવાળા સ્વરોમાં થતા ત્રણ ફેરફારો નોંધ્યા છે :

૧. $\tilde{v} \rightarrow \tilde{\bar{v}}$ સ્વરનું દીર્ઘીકરણ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૨. $\tilde{i} \rightarrow \tilde{i}^{+}$, $\tilde{i}^{+} \rightarrow \tilde{e}$ સ્વરનું નિમ્નીકરણ

૩. $\tilde{a}^{+} \rightarrow \tilde{aw}$, $\tilde{aw} \rightarrow \tilde{o}$ નીચામાં નીચો સ્વર નાસિક્યતા ભળતાં દૃઢતર બની સંયુક્ત સ્વર બને અને પછી સાદો સ્વર બની ઉચ્ચીકરણ પામે.

ત્રણેનાં ઉદાહરણો જુઓ :

૧. કાપ — કાંપ — દીર્ઘીકરણ

$\underline{\underline{\sim}}$

[kap] — [kap]

૨. વીંટવું — વેંટવું (બોલીમાં) — નિમ્નીકરણ

૩. ગાંડો — ગોંડો (બોલીમાં)

અર્ધસ્વર બની થતું ઉચ્ચીકરણ

$\tilde{a}^{+} \rightarrow \tilde{aw}$

$\tilde{aw} \rightarrow \tilde{ɔ}$

ફોલિએ આ જ રીતે ઉષ્મીકરણના સાર્વત્રિક નિયમો આપી ધ્વનિ-સ્વરૂપગત તત્ત્વો અને એમના વ્યવહારના નિયમોને અમૂર્ત સ્તર ઉપર રજૂ કર્યા. ઉષ્મીકરણને મેં અહીં વિગતે નથી તપાસ્યું, પણ ઉપરના સાર્વત્રિક નિયમો ઉપરથી ખ્યાલ આપી જાય કે ફોલિનો અભિગમ વિશિષ્ટ જરૂર છે. ફોલિનો અભિગમ ભાષાના ધ્વનિવ્યવહારનું વર્ણન નહિ, પણ સમજણ આપવા માગે છે. કોઈ પણ ભાષાનું ધ્વનિસ્વરૂપ વર્ણવવું એટલે મનુષ્યની ઉચ્ચારણ માટેની ઇન્દ્રિયો વાપરવાની શક્યતાઓને જ પ્રત્યક્ષ કરવી. આથી આ શક્યતાઓ વડે જે અપેક્ષિત તત્ત્વો હોય તે અંગેની એક તારવણી-સમજણ આપવાની શક્યતા જે સિદ્ધાંતમાં હોય તે સિદ્ધાંત વધારે સમર્થ ગણવો પડે. બ્લૂમફીલ્ડીય અભિગમમાં ‘the phoneme of the language’ અને “the phonoogy of the language’ની જે વિભાવના છે તે ફોલિની ‘ફોનોલજી’ની વિભાવના કરતાં ઘણી સંકુચિત છે. ફોલિ એક સૈદ્ધાંતિક સત્ય – જેનું સાર્વત્રિક હોવું આવશ્યક છે તે – રજૂ કરે છે. એક ભાષાની અમુક વિશિષ્ટ ધ્વનિપ્રક્રિયા કોઈ જાતના ધ્વનિસ્વરૂપના સૈદ્ધાંતિક આધાર વિના ઉદ્ભવતી નથી જ નથી. એ પ્રક્રિયા તો સાર્વત્રિક નિયમ પ્રમાણે પ્રત્યક્ષ થતું ધ્વનિરૂપ બતાવે છે

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

બ્લૂમફીલ્ડીય 'ફોનોલજી', પ્રાગ 'ફોનોલજી', 'જેનરેટ્રીવ ફોનોલજી' વગેરે અભિગમોએ સિદ્ધાંતોની જુદીજુદી રજૂઆત કરી છે. ત્રણ સિવાયના અભિગમો સિદ્ધાંતની રજૂઆત પછી અમુક ભાષાને તે લાગુ પાડવા માટેની પદ્ધતિ શોધવા માટેની પ્રવૃત્તિનો ('મેથડોલજી'નો) અતિરેક કરી બેસે છે. ભાષાએ ભાષાએ જુદીજુદી રીતે પ્રત્યક્ષ થતી અમુક ધ્વનિપ્રક્રિયાને નિયમના રૂપમાં મૂકવા જતાં પદ્ધતિને સુધારવા-મઠારવાની ગડમથલ 'જેનરેટ્રીવ ફોનોલજી'એ સૌથી વધારે કરી.

આ બધું જોતાં, આલંબન-ધ્વનિસ્વરૂપથી ફોલિ સુધી પરિપક્વ બનેલો અભિગમ સૌથી વધુ ઉપપત્તિની પર્યાપ્તતા ('એક્સ્પ્લેનટરી ઍડિક્વસી')-નો દાવો કરે તો તે અતિશયોક્તિ નહિ ગણાય. ફોલિનો દાવો ("અસ્તિત્વ ધરાવતો એકમાત્ર સિદ્ધાંત") એવું પૂર્ણપણે માન્ય ન કરીએ તોય એમના સિદ્ધાંતની સિદ્ધિનો અસ્વીકાર ન જ કરાય. ફોલિનું પુસ્તક ધ્વનિસ્વરૂપના અભ્યાસને એક નવો વળાંક આપે છે. એની વિશદતા, સ્પષ્ટતા અને લાઘવ એને આપોઆપ એક પ્રાંજલતા અર્પે છે, અને ધ્વનિસ્વરૂપના કોઈ પણ અભ્યાસ માટે તે અનિવાર્ય પુસ્તક બને છે.

□

[અનુસંધાન પૃ. ૧૮૭ થી ચાલુ]

નોંધેલા કેટલાક શબ્દો અન્યત્ર થોડાક ઉચ્ચારફેરે કે અર્થફેરે જાણીતા છે. અહીં અનેક શબ્દો તેમની અર્થસમૃદ્ધિથી ધ્યાન ખેંચે છે, અનેક વણનોંધ્યા દ્વિરુક્ત પ્રયોગો અને સમાસોથી બોલીઓ સભર હોવાના સંકેત મળે છે, અને કેટલાક પ્રયોગો હજી ચાલુ હોવાનું જાણી જૂની ગુજરાતીના જાણકારને પણ વિસ્મય થાય તેમ છે.

રૂઢિપ્રયોગો અને કહેવતોનું ચોકસાઈથી કરેલું અર્થવિવરણ (તથા ક્યાંક આપેલો ઇતિહાસ) રસપ્રદ અને સાંસ્કૃતિક મહત્ત્વનો છે. ગજિયો પહેરવો, ઘડિયાળું, છૂંદણાં, ટેલિયો, બાદરાયણ-સંબંધ, ભુત, ભયો ભયો, માણભટ્ટ, વેણ લેવું, ઘડો લાડવો, દેદો, લફરું વગેરે આનાં ઉદાહરણ છે.

રૂઢિપ્રયોગો અને કહેવતોમાં ભેળસેળ થઈ ગઈ છે. વ્યુત્પત્તિઓ ઘણુંખરું ખોટી આપી છે.

સ્વામી આનંદ આપણા જીવન અને સાહિત્યને વિવિધ પ્રકારે સમૃદ્ધ કરતા ગયા છે. 'જૂની મૂડી' તેમાં એક નવી ભાત પાડે છે.

હ. ભાયાણી

□

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અત્રતત્ર

૧. પાણિનિવ્યાકરણ અંગે સાર્વદેશીય પરિસંવાદ

પેશવાઓના સમયથી મહારાષ્ટ્રનાં અનેક શહેરો સંસ્કૃતવિદ્યાનાં અભ્યાસ અને સંશોધન માટેનાં કેન્દ્રો તરીકે જાણીતાં છે. પૂણે તેમાં આગળપડતું છે. અનેક પાઠશાળાઓની સગવડ, ભાંડારકર ઈન્સ્ટિટ્યૂટ જેવી સુન્દર પુસ્તકાલય અને અમૂલ્ય હસ્તપ્રતોનો સંગ્રહ ધરાવતી સંસ્થા, છેલ્લાં ત્રીસ વર્ષથી વિશેષ વિકાસ પામેલ અને ભાષાવૈજ્ઞાનિક અધ્યયન અને સંશોધનના કેન્દ્ર સમી ડેક્કન કૉલેજ-સંસ્થા, આનંદાશ્રમ અને ટિળક વિદ્યાપીઠ જેવી પ્રકાશન–સંશોધન-સંસ્થાઓ — આ બધાંએ પૂણેની સંસ્કૃત વિદ્યાશ્રીમાં ઉત્તરોત્તર વધારો કર્યો છે. પૂણે વિદ્યાપીઠના એક ભાગ રૂપે સંસ્કૃત પ્રગત અધ્યયન કેન્દ્રની સ્થાપના પછી વ્યાકરણશાસ્ત્ર, મીમાંસાશાસ્ત્ર અને વેદનાં અધ્યયન–સંશોધનોમાં ઉલ્લેખનીય પ્રગતિ થઈ રહી છે.

સંસ્કૃત પ્રગત અધ્યયન કેન્દ્રે તેના કાર્યના ભાગરૂપે અનેક ચર્ચાસત્રો યોજ્યાં હતાં. તેમાં "પ્રાકૃત ભાષા અને સાહિત્ય", "પ્રાચીન ભારતીય વાક્યાર્થવિચાર" અને "વેદાર્થવિચાર" અંગેનાં અખિલ ભારતીય જ્ઞાનસત્રો મુખ્ય છે. આ કેન્દ્ર પાણિનીય વ્યાકરણ અંગેનાં અભ્યાસસંશોધનોમાં વિશેષ રસ લેતું હોવાથી પાણિનીય વ્યાકરણ અંગેનો સાર્વદેશીય પરિસંવાદ ('આંતરરાષ્ટ્રીય સેમિનાર') તે યોજે એ સ્વાભાવિક હતું. કેન્દ્રના અધ્યક્ષ ડૉ. શિવરામ દત્તાત્રેય જોશી જેવા પ્રાચીન અને અર્વાચીન અભ્યાસસંશોધન-પદ્ધતિઓના નિષ્ણાત અને ખ્યાતનામ વિદ્વાને નાગેશ, બાલશાસ્ત્રી, વાસુદેવશાસ્ત્રી અભ્યંકર, કીલહૉર્ન અને કા. વા. અભ્યંકરે ચાલુ રાખેલી વ્યાકરણ-શાસ્ત્રનાં અધ્યયન અને સંશોધનની પરંપરામાં બહુમૂલ્ય ફાળો આપ્યો છે.

ડૉ. જોષીના તથા તેમના સાથીઓ ડૉ. લદ્દૂ, ડૉ. પલસૂલે અને કેન્દ્રના બીજા અનેક અધ્યાપકોના અથાક પ્રયત્નો અને ઉષ્માભર્યા સહકારને કારણે આ સાર્વદેશીય પરિસંવાદનું સફળ આયોજન કરવામાં આવ્યું. પૂણે યુનિવર્સિટીના કુલગુરુ ડૉ. તાકવલેની તથા ડૉ. દાંડેકર અને આચાર્ય લિમયે જેવા

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

જ્ઞાનવૃદ્ધોની પ્રેરણા આ કાર્યમાં તેમને ઉપકારક બની. યુનિવર્સિટી અનુદાન આયોગ, પૂણે યુનિવર્સિટી, મહારાષ્ટ્ર સરકાર, સ્થાનિક દાનવીરો વગેરેએ પણ સહકાર આપ્યો હતો.

૧૯૮૦ના જુલાઈથી દેશવિદેશના પાણિનીય વ્યાકરણના અભ્યાસી વિદ્વાનોને નિમંત્રણ મોકલવામાં આવ્યાં હતાં. કેટલાક અભ્યાસીઓને નિરીક્ષક તરીકે આવકારવામાં આવ્યા હતા.

તા. ૯–૭–'૮૧ થી ૧૪–૭–'૮૧ સુધીના ૭ દિવસોમાં અભ્યાસલેખ-વાચન, ચર્ચા, વ્યાખ્યાન અને શૈક્ષણિક તેમ જ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

આ પરિસંવાદમાં અમેરિકાથી કિપાસ્કી, સ્ટાલ, શાર્ફે, મિન્કોસ્કી, વાન નોટન, માધવ દેશપાંડે, સ્મિથ, કાર્ડોના અને આર્નોલ્ડ એ પ્રાધ્યાપકો આવ્યા હતા. કેનેડાથી અકલુજકર, ફ્રાન્સથી ફિલિઓઝા (જુનિ.), હોલંડથી રોડબર્ગેન, ઓક્સફર્ડથી મતિલાલ અને બૂયાસ્ટિક અને જાપાનથી બે વિદ્યાર્થીઓ આવ્યા હતા.

પ્રાચીન ભારતીય પરંપરાના પક્ષપાતી પંડિતોમાં પં. ભાગવતશાસ્ત્રી, પં. યુધિષ્ઠિર મીમાંસક અને પં. પરશુરામ શાસ્ત્રીએ આ પરિસંવાદમાં ભાગ લીધો હતો.

દરરોજ સવારે ૯ થી ૧૨–૩૦ સુધીનું અને ૨–૩૦થી ૫–૩૦ સુધીનું એમ બે ચર્ચાસત્રો રાખવામાં આવ્યાં હતાં. દરેક ચર્ચાસત્રમાં પ્રમુખ અને સહાયક ચર્ચાના આયોજનમાં મદદ કરતા. દરેક વકતાને પોતાનો લેખ વાંચવા માટે વીસ મિનીટ આપવામાં આવી હતી અને તેના ઉપર દસ મિનીટ ચર્ચા થતી. સમયનું પાલન મોટે ભાગે થતું હતું. બે પ્રસંગોએ આવા સમય-પાલનના આગ્રહમાં શૈથિલ્યને કારણે અમુક લેખોનું વાચન બીજા સત્ર પર રાખવું પડયું હતું અને એક આખા સત્રમાં લેખવાચન પર ચર્ચા થઈ શકી ન હતી. વલ્લભવિદ્યાનગરથી આવેલા ડૉ. વસન્ત ભટ્ટના લેખને આ દુર્દૈવ નડ્યું હતું.

દરરોજ સાંજે ૬થી ૭ સુધી એકએક વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. પહેલા ત્રણ દિવસનાં ત્રણ વ્યાખ્યાનો અભ્યંકર સ્મારક વ્યાખ્યાન-માળાના ઉપલક્ષ્યમાં યોજવામાં આવ્યાં હતાં. આ મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑવ ટૅકનોલજીના અધ્યાપક પૉલ કિપાસ્કીએ આપ્યાં હતાં. કિપાસ્કીએ પાણિનીય વ્યાકરણવ્યવસ્થાનાં આંતર તત્ત્વો અંગે કેટલાંક ઉપયોગી સંશોધન

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

કર્યાં છે. તેમના 'પાણિનિ ઍઝ અ વેરિએયૂશનિસ્ટ' નામના પુસ્તકે, પાણિનિનાં વિભાષાસૂત્રોના અર્થઘટન અંગે અતિપ્રશંસા અને કેટલોક વિરોધ એવા બે પ્રકારના પ્રતિભાવ જન્માવ્યા છે. 'અષ્ટાધ્યાયી' ગ્રંથ સાથે સંલગ્ન કેટલાક પ્રશ્નો અને પાણિનીય પરંપરા અંગેના કેટલાક અભિગમોની તેમણે છણાવટ કરી હતી. પાણિનિ અંગેનાં અદ્યતન સંશોધનોમાં આ વ્યાખ્યાનો મહત્ત્વનાં બનશે.

ચોથા, પાંચમા અને છટ્ઠા દિવસે ગુણે સ્મારક વ્યાખ્યાનમાળાના ઉપલક્ષ્યમાં પ્રાધ્યા૦ ફ્રિટ્ઝ સ્ટાલ વ્યાખ્યાતા હતા. સ્ટાલ તેમના વ્યાકરણ-વિષયક કેટલાક અભ્યાસલેખો અને શ્રૌતયજ્ઞપ્રક્રિયા અંગેના તેમણે પ્રાપ્ત કરેલા જ્ઞાનથી જાણીતા છે. તેમણે શ્રૌત યજ્ઞકાય અને વ્યાકરણ, અગ્નિચયન અને અગ્નિચયન સાથે સંકળાયેલ શ્યેનાકૃતિ વેદીઓ અંગે ત્રણ દિવસ, સાંજે ૬ થી ૭, ત્રણ વ્યાખ્યાનો આપ્યાં હતાં.

શુક્રવાર તા. ૧૦–૭–'૮૧ ના રોજ સવારે અગિયાર વાગ્યે ડૉ. એસ. ડી. જોષીએ 'અષ્ટાધ્યાયી' ગ્રંથ સાથે સંબદ્ધ કેટલાક મહત્ત્વના પ્રશ્નો સંબંધે વિસ્તારપૂર્વક વ્યાખ્યાન આપ્યું હતું. અદ્યતન પાશ્ચાત્ય સંશોધનપદ્ધતિના અભિગમોને પૂર્વભૂમિકા તરીકે સ્વીકારીને પાણિનિના 'અષ્ટાધ્યાયી' ગ્રંથના પાઠની સમીક્ષા, તેમાંનાં સૂત્રોની આંતર યોજના, પરિભાષાનિયમો સાથે તે સૂત્રનિયમોની સંબદ્ધતા, પૂર્વકાલીન અને અનુકાલીન ઉમેરા થયા છે તેની વિશદ છણાવટ ડૉ. જોષીએ કરી હતી.

આ પ્રકારની ચર્ચા પ્રાચીન પરંપરાને સન્માનનારા ભારતીય પંડિતોને રુચે નહિ એ સ્વાભાવિક છે. તેમણે તો મુનિચતુષ્ટય – પાણિનિ, કાત્યાયન, પતંજલિ અને ભર્તૃહરિના ગ્રંથોમાં કશું નિરર્થક જોવા માટે કદી તૈયારી દર્શાવી નથી. તેમ છતાં મુનિત્રય અને ભર્તૃહરિની દષ્ટિ હમેશાં પૂર્ણ વૈજ્ઞાનિક રહી છે. પાણિનિએ વૈકલ્પિક શબ્દસ્વરૂપો માટે પૂર્વાચાર્યોના નિયમોની મદદ લીધી છે અને તે તે પૂર્વાચાર્યોનાં નામોના નિર્દેશ પણ કર્યા છે. કાત્યાયને પાણિનિનાં કેટલાય સૂત્રનિયમો નિરર્થક અને બંધબેસતા નથી એમ જણાવ્યું છે. પતંજલિનો અભિગમ એક બાજુ "સૂત્રકારમાં કશું નિરર્થક નથી, એક વર્ણ પણ નહિ" એમ કહીને અને બીજી બાજુ આ સૂત્ર કાઢી નાખો, આ સૂત્ર છોડી શકાશે એમ કહીને વૈજ્ઞાનિકપણે 'અષ્ટાધ્યાયી'ને અવલોકે છે. ડૉ. જોષીએ પાણિનિના સૂત્રનિયમોમાં કેટલીક પરસ્પર વિસંગતિઓ દર્શાવી અમુક ચોક્કસ સૂત્રવિભાગ કોઈક અનુકાલીન વ્યાકરણપરંપરાનો હોવો જોઈએ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

એમ જાહેર કર્યું. આવી સ્થિતિમાં 'અષ્ટાધ્યાયી' ગ્રંથનું સુચિન્તિત શાસ્ત્રીય સંપાદન આવશ્યક છે, એમ જણાવ્યું. બીજા અનેક ચર્ચાર્હ મુદ્દાઓની સાથે પાણિનિમાં અર્થવિચારને પણ કેવડું મોટું સ્થાન છે તે તેમણે સોદાહરણ દર્શાવ્યું. તેમના વ્યાખ્યાનનો હળવો પ્રતિભાવ પાડતાં પ્રોફે. અકલુજકરે જણાવ્યું કે આવી રીતે તો આપણને પાણિનિનું પોતાનું કહી શકાય તેવું કદાચ એકાદ સૂત્ર મળશે – "વૃદ્ધિરાદૈચ્".

આ પરિસંવાદમાં લગભગ સાઠ નિબંધોનું વાચન અને ચર્ચા થયાં. તેમાં લગભગ અગિયાર નિબંધો પરદેશી વિદ્વાનોના હતા અને પિસ્તાળીસ નિબંધો ભારતીય વિદ્વાનોના હતા. દસ નિબંધો સંસ્કૃત ભાષાના માધ્યમ દ્વારા વંચાયા અને ચર્ચાયા નિબંધોનું વર્ગીકરણ અભ્યાસીઓનાં નામો મુજબ નીચે પ્રમાણે છે :

૧. પાઠસમીક્ષા

સર્વશ્રી આચાર્ય લિમયે, વેંકટસુબ્રહ્મણ્ય અય્યર, અકલુજકર, અયાચિત, ખરવંડીકર.

૨. માહેશ્વર સૂત્રો

સર્વશ્રી લડુકેશ્વર સત્પથી, સત્યરંજન બેનર્જી, ભાગવત શાસ્ત્રી.

૩. વિશિષ્ટ સૂત્રો

સર્વશ્રી મતિલાલ, ઉષા ભિસે, શિવશંકર પ્રસાદ.

૪. દર્શનવિચાર

સર્વશ્રી માધવ દેશપાંડે, જયદેવ શુક્લ*, દીપ્તિ ત્રિપાઠી, અર્જુનવાડકર, સત્યરંજન બેનર્જી.

૫. શબ્દવિચાર અને વાક્યવિચાર

સર્વશ્રી વાન નોટન, શાર્ફ, કૃષ્ણમૂર્તિ, પિઅર ફિલિઓઝા, રામસુરેશ ત્રિપાઠી, અનંતનારાયણ, હરિમોહન મિશ્ર, લદ્દૂ, દ્વિજેન્દ્રનાથ બસુ, સુરેન્દ્રકુમાર, મહાવીર, કે. આર જોષી, સુધીકાંત ભારદ્વાજ.

---

* પ્રા. શુક્લનો નિબંધ 'અષ્ટાધ્યાયી' (૮-૪-૧ થી ૩૯) માંના ણત્વના (કઈ પરિસ્થિતિમાં ન્નો ણ્ થાય તેના) નિયમોને લગતો છે. તેમણે કેટલાંક સૂત્રોની પુનર્વ્યવસ્થા સૂચવી છે અને પ્રાતિશાખ્યના તથા અપાણિનીય વ્યાકરણ-સંપ્રદાયોના ણત્વને લગતા નિયમો સાથે પાણિનિના નિયમોની તુલના કરી છે.

– સંપાદક

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૬. **પારિભાષિક શબ્દ**

સર્વશ્રી સ્વામિનાથન્, મહાશબ્દે, સરોજા ભાટે, ષડંગી, વસંતકુમાર ભટ્ટ.

૭. **પરિભાષા**

સર્વશ્રી વર્ણેકર, બૂયાગ્ટિક.

૮. **વિભાષા** (વિકલ્પતત્ત્વ)

સર્વશ્રી દેવસ્થળી, વેદાલંકાર, યજનવીર, સત્યકામ વર્મા.

૯. **શબ્દપ્રયોગ**

સર્વશ્રી યુધિષ્ઠિર મીમાંસક, સત્યવ્રત શાસ્ત્રી.

૧૦. **પાણિનિનો શાસ્ત્રીય દૃષ્ટિકોણ**

સર્વશ્રી અશોક કેળકર, ઘાટગે, જગદેવસિંગ, પં. પરશુરામ શાસ્ત્રી.

૧૧. **અર્થવિચાર**

સર્વશ્રી કુંજુન્ની રાજા, પી. એસ. સુબ્રહ્મણ્ય, દીનબંધુ કર.

૧૨. **પાણિનિ અને યજ્ઞશાસ્ત્ર**

સર્વશ્રી પરમેશ્વર ઐતળ, ધર્માધિકારી.

નિબંધવાચન પછી થતી ચર્ચાઓ મોટે ભાગે નિબંધને યોગ્ય કક્ષા જાળવતી હતી. ચર્ચાઓમાં ભાગ લેનારાઓમાં ડૉ. એસ. ડી. જોષી, અશોક કેળકર, રામસુરેશ ત્રિપાઠી, સરોજા ભાટે, લદ્દુ, દાફે, કાર્ડોના અને માધવ દેશપાંડે તથા અકલુજકર મુખ્ય હતા. સમગ્ર ચર્ચાને ત્રણ રીતે સમજી શકાય: ચર્ચા અંગે પ્રશ્નો ઉપસ્થિત કરવા, વક્તાના વક્તવ્યમાંની વિસંગતિઓ તરફ ધ્યાન દોરી તેમને સુધારવી અને તે તે નિબંધના મુદ્દાઓમાં નવી બાબતો જણાવવી, આવો એક પ્રકાર સમજાતો હતો. બીજા પ્રકારમાં ચર્ચાના મુદ્દાની સાથે સંબદ્ધ ન હોય એવી બાબતો પર પ્રશ્નો પૂછવા અને તે બાબતો અંગે જવાબની અપેક્ષા રાખવી. ત્રીજો પ્રકાર હતો ચર્ચા સાથે અસંગત હોય છતાં પોતાના અભ્યાસની વાતોના મુદ્દા એક પછી એક રજૂ કરવા, અને શ્રોતાઓને કંટાળો આપવો.

બીજા બે પ્રકાર પણ નજરે ચડતા હતા, જેમાં એકમાં વક્તા કે ચર્ચક પોતાની વાતની વિસંગતિ સમજાતાં નમ્રપણે માફી માગતા. આથી ઊલટું એક એવો પણ પ્રકાર હતો, જેમાં વક્તા અને ચર્ચક કોઈક વિશિષ્ટ અભ્યાસીની દલીલનો દલીલથી નહિ પરંતુ તે ભારતીય નથી તેથી તે અજ્ઞાની છે અને તેની વાત ખોટી છે એવો નિંદ્ય અભિગમ અપનાવતો. આનું

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પ્રમાણ અત્યંત અલ્પ હતું. તેનો પ્રતિવાદ ન થયો, ઉપેક્ષા થઈ; સમગ્ર વાતાવરણ તિરસ્કારથી ક્ષણવાર ભરાયું.

સાંજના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વૈવિધ્ય હતું. શાસ્ત્રીય સંગીત અને હેમ્લેટના સંસ્કૃત રૂપાંતરનો સફળ પ્રયોગ. હૃદ્ય હતાં. 'અષ્ટાધ્યાયી'નાં સૂત્રો કેવાં સ્મૃતિસ્થ અને કંઠસ્થ કરી શકાય તેનો એક આશ્ચર્યકારક પ્રયોગ થયો. વેદ-સંહિતા, શિક્ષા, 'નિરુક્ત' અને 'અષ્ટાધ્યાયી'નો મુખપાઠ પણ આનંદદાયક હતો.

પૂણે શહેરમાં અને ચિંચવડ નગરપાલિકા દ્વારા વિદ્વાનોના સન્માનના અને સુમિષ્ટ ભોજનના કાર્યક્રમો હતા. પરિસંવાદના સમય દરમ્યાન ઉતારાની અને ભોજન તથા નાસ્તાની વ્યવસ્થા સુંદર હતી. એકંદરે ડૉ. લદ્દુના શબ્દોમાં કહીએ તો, **अविदितगतकालं षड्दिनं हि व्यरंसीत्.**

જયદેવભાઈ શુક્લ

પ્રા. શુક્લના અહેવાલની પૂર્તિરૂપે. પાણિનિવિષયક આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં પ્રસ્તુત થયેલા નિબંધોના સારને આધારે નીચે ચાર નિબંધોના મુખ્ય મુદ્દાનો પરિચય આપ્યો છે :

'અષ્ટાધ્યાયી' ૮-૩-૨૬, ૨૭ અનુસાર म् + ह्म् અને म् + ह्न् ને સ્થાને અનુક્રમે જે અનુસ્વાર + ह्म् અને અનુસ્વાર + ह्न् થાય, તેમને બદલે વિકલ્પે અનુક્રમે म्ह्म् અને न्ह्न् થાય. કાત્યાયન અને પતંજલિ આ નિયમ વિસ્તારીને म् + ह्य्, म् + ह्व् અને म् + ह्ल् ને સ્થાને (વધુ પસંદ) વિકલ્પ તરીકે અનુક્રમે य्ह्य्ं. य्ह्व् અને ल्ह्ल्ं થતા હોવાનું કહે છે: એટલે કે આવી પરિસ્થિતિમાં પૂર્વવર્તી નાસિક્ય ह्म् પછીના ધ્વનિ સાથે સારૂપ્ય પામે છે. **માધવ દેશપાંડે**ના મતે આ તત્કાલીન લોકભાષાઓના પ્રભાવનું પરિણામ છે. અશોકલેખોની પ્રાકૃતમાં ह्म्, ह्न्, ह्य्, ह्व् ને ह्ल् એ વ્યંજન-ગુચ્છોમાં વિકલ્પે વ્યત્યય થયેલો છે, અને ઉત્તરકાલીન પ્રાકૃતો તથા અર્વાચીન ભારતીય-આર્ય ભાષાઓમાં આવો વ્યત્યય નિયમે કરીને થાય છે. પાણિનિએ વ્યત્યયની વાત નથી કરી, પણ તેણે આપેલા આ પ્રકારના સંધિનિયમો તેના સમયમાં બોલાતી સંસ્કૃતમાં એ પ્રવર્તતો હોવાનું પ્રકટ કરી દે છે.

હરિમોહન મિશ્રે 'અષ્ટાધ્યાયી'માં કૃત્રિમ શબ્દસિદ્ધિની ચર્ચા કરી છે. चिपिट 'ચીબું', चिक्किन् 'ચીબું', नक्र 'મગરમચ્છ' જેવા શબ્દો આર્યેતર હોવા છતાં તેમની સંસ્કૃતને આધારે વ્યુત્પત્તિ અપાઈ છે. विकट

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

('ઋગ્વેદ' ૧૦-૧૫૫-૧), क्षुल्लक ('અથર્વવેદ', ૨-૩૨-૫), आढ्य ('શતપથ બ્રાહ્મણ', ૯-૫-૧-૧૭) જેવા શબ્દો લોકભાષાના-'પ્રાકૃતો'ના પ્રભાવના સૂચક છે. 'અષ્ટાધ્યાયી'માં आढ्य અને क्षुल्लक આવે છે. આ પ્રકારના मीलुक, संकट, प्रकट, उत्कट, विकट અને अवकट શબ્દોની કૃત્રિમ વ્યુત્પત્તિ 'અષ્ટાધ્યાયી' સંસ્કૃતને આધારે આપે છે. કેટલાક સંસ્કૃત શબ્દોની બાબતમાં પણ કાં તો શબ્દની પ્રકૃતિ ખોટી રીતે આપેલી છે (श्रोत्रिय, क्षेत्रिय, શ્રેયસ્, શ્રેષ્ઠ, જ્યાયસ્, જ્યેષ્ઠ, कनीयस्, कनिष्ठ, नेदीयस्, नेदिष्ठ, साधीयस्, साधिष्ठ જેવા શબ્દોમાં) અથવા તો પ્રત્યય બનાવટી છે (विद्वत्कल्प, भिक्षुकपाश અને पटुजातीय જેવામાં સ્વતંત્ર શબ્દને પ્રત્યય ગણાવેલ છે, તો संकट, प्रकट જેવામાં જણાવેલો પ્રત્યય તદ્દન કૃત્રિમ છે.)

કે. કૃષ્ણમૂર્તિ બતાવે છે કે મહિમ ભટ્ટના 'વ્યક્તિવિવેક'માં પ્રથમ-વાર જ સામાસિક શબ્દની વ્યાકરણશુદ્ધિ અને કાવ્યસંદર્ભે યોગ્યતા એ બે વચ્ચે ભેદ કરાયો છે. મહિમભટ્ટે આ ચર્ચા 'વિધેયાવિમર્શ' એ કાવ્ય-દોષનું નિરૂપણ કરતાં કરી છે. જે પદનું કાવ્યાર્થની દૃષ્ટિએ પ્રાધાન્ય હોય તે જો સમાસગત ગૌણપદ તરીકે પ્રયોજાયું હોય તો આ દોષ પ્રાપ્ત થાય. મહિમભટ્ટ અને તેના ટીકાકાર રુય્યક જણાવે છે કે પાણિનિએ એવા કેટલાક પ્રયોગો નોંધ્યા છે, જે અસમસ્ત રૂપે વપરાય તો જ તેમની પ્રાધાનતા જળવાય અને અભિપ્રેત અર્થ નિષ્પન્ન થાય—જેમ કે ગાળ તરીકે થતો પ્રયોગ दास्याः पुत्रः (જેમાં દાસી ઉપર અર્થભાર રહેલો છે). મહિમભટ્ટ કહે છે કે કાવ્યસંદર્ભમાં ઇષ્ટ વિધેય-ઉદ્દેશ્ય-સંબંધ સમાસવૃત્તિથી અભિવ્યક્ત નથી થઈ શકતો. તે માટે વાક્યપ્રયોગ જ કામ લાગે. મમ્મટ અને વિશ્વનાથ મહિમભટ્ટને અનુસર્યા છે. આમ લક્ષણ-ભાષા અને સાહિત્યભાષા વચ્ચે આ બાબતમાં મૂળભૂત ભેદ રહેલો હોવાનું બતાવવાનો યશ મહિમભટ્ટને ફાળે જાય છે.

ઑલ જૉર્જ नञ् વાળા પાણિનિનિરૂપિત સમાસો અને ઍરિસ્ટોટલ-નિરૂપિત નકારાર્થ સમાસોની તુલના કરે છે. ઍરિસ્ટોટલ અનુસાર 'નૉન-મૅન' એ નામ નથી, કારણ કે તેનાથી કોઈ ચોક્કસ વસ્તુ નિર્દિષ્ટ થતી નથી. એટલે તે 'અનિશ્ચિત' નામ છે. આવા નકારાર્થ સમાસોથી કશો નિશ્ચયબોધ નીપજતો નથી. નકારવાચક પૂર્વાંશ સહવર્તી નામના અર્થને દાબી દે છે, અને તે સમાસનો અર્થ, સહવર્તીથી જે નિર્દિષ્ટ હોય તે સિવાયનું આખું વિશ્વ—એવો વ્યાપક બની જાય છે. પરંતુ પાણિનિ અનુસાર નઅર્થક સમાસોમાં नञ् સમાનાધિકરણ વિશેષણનું કામ કરે છે અને તેની

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

સાથે પ્રધાનપણે રહેલા નામનું નિર્ધારણ કરે છે. આવો સમાસ બીજા કોઈ પણ સમાસની જેમ નિશ્ચિતાર્થ છે. પાણિનિના સિદ્ધાંત અને વ્યવહાર અનુસાર આવા સમાસના અર્થમાં ઇતરતા તથા સદશતા સમભાગે રહેલાં છે. પ્રયોગ થતાં સંદર્ભ અનુસાર અર્થ લેવાનો રહે છે. પાણિનિનું આ પ્રતિપાદન વિષયભૂત ભાષાની હકીકતો સાથે સંવાદી છે. યુરોપના તર્કવિજ્ઞાનીઓને ઍરિસ્ટોટલના વિશ્લેષણને બદલતાં અઢી સહસ્રાબ્દી લાગી, અને તે બદલ્યા પછી તેઓ પાણિનીય વિશ્લેષણે જ પહોંચ્યા.

૨. 'સિંક્રનિક' અને 'ડાયક્રૉનિક'નો વિરોધ

૧૯૭૩માં ભરાયેલી 'ઍન્થ્રપોલજી' અને 'ઍથ્નૉલજી' વિષયક નવમી આંતરરાષ્ટ્રીય પરિષદમાં રજૂ થયેલા નિબંધો 'ભાષા અને મનુષ્ય', 'ભાષા અને વિચાર', 'ભાષા અને સમાજ' અને 'ભાષા પ્રત્યેના અભિગમો : સંસ્કૃતિવિજ્ઞાનીય પ્રશ્નો' એવા ચાર ગ્રંથ રૂપે પ્રકાશિત થયા છે. તેમાંના છેલ્લા ગ્રંથના નિબંધોમાં પ્રસ્તુત થયેલ ચર્ચા ઉપરથી પ્રતીત થાય છે કે સોશ્યૂરે ભાષા–અધ્યયન પરત્વે એકકાલીનતા અને કાલાનુક્રમિકતા એવું જે દ્વિભાજન કરેલું તે હવે ગંભીર રીતે પુનર્વિચારણા માગી લે છે. આ મતની સામેની વ્યવસ્થિત દલીલો કોઈએ રજૂ કરી નથી, તો પણ પ્રજનનીય અભિગમ ધરાવતાં કેટલાંક હમણાંનાં અધ્યયનોમાં એ મતનાં વિરોધી કેટલાંક મંતવ્યો રજૂ કરાયાં છે. ચેયૂફે ૧૯૬૯માં કહ્યું છે કે ધ્વનિતંત્રના સ્વરૂપ પરત્વે ધ્વનિપરિવર્તન પ્રભાવક હોવાની દેખીતી વાત એકકાલીનતા–કાલાનુક્રમિકતાના વિરોધ પર વધુ પડતો ભાર મુકાયાને લીધે ઢંકાઈ ગઈ. ધ્વનિપરિવર્તનને ગણતરીમાં લીધા વિના તેમાંથી પરિણમતા ધ્વનિતંત્રને વર્ણવી ન શકાય. તે જ પ્રમાણે ગ્રીનબર્ગે ૧૯૬૬માં કહ્યું છે કે કોઈ પણ પરિવર્તન એકકાલીન નિયમોનો ભંગ કરતી અવસ્થા ઉત્પન્ન કરી શકે નહીં, અને બધી એકકાલીન અવસ્થાઓ કાલાનુક્રમિક પ્રક્રિયાઓની જ નીપજ હોય છે. સ્ટૉકવેલે ૧૯૭૨માં કહ્યું છે કે પ્રજનનીય અભિગમથી થયેલાં અધ્યયનોના પહેલા તબક્કામાં સોશૂર–અનુસારી એકકાલીનતા/કાલાનુક્રમિતાનો વિરોધ પછીના તબક્કામાં વધુ ને વધુ અવ્યવહારુ જણાયો છે. બિવર અને લૅંગન્ડોને ૧૯૭૨માં કહ્યું છે કે જે કેવળ ભાષિક વર્તમાનનો જ હિસાબ આપે છે અને ભાષિક આસન્ન અતીતને વર્ણવવા માટે જે નિરુપયોગી છે એવા સ્વરૂપનું એકકાલીન વ્યાકરણ અસ્વીકાર્ય છે.

આમ એકકાલીનતા અને કાલાનુક્રમિકતાનો પરસ્પરથી વિચ્છેદ હોવાનો સોશૂરનો સિદ્ધાન્ત દોષિત પુરવાર થયો છે.

□

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અવલોકન

જૂની મૂડી : કર્તા સ્વામી આનંદ : પા. ૧૬ + ૨૬૪; પ્રકાશક એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., મુંબઈ, રૂ ૨૨.

શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવતોનો આ સંગ્રહ વ્યવહારુ નેમથી કરેલો છે. મોટા ભાગની સામગ્રી 'એક વીતેલા જમાનાના લોકજીવનને લગતી, એમની રહેણીકરણી, વ્યવસાયો, કસબીકારીગરી'ને લગતી હોય અને 'આજની શિક્ષિત કે અર્ધશિક્ષિત પ્રજાને લગભગ દુર્બોધ' લાગે તેવી છે. હેતુ નવી લેખક–વાચક પેઢીનું ધ્યાન દોરી આવી જૂની મૂડીને ચલણી બનાવવાનો છે; કારણ 'ભાષા એ ધરતીપટનો પાણીવીરડો છે. જનવાણી તેની અખૂટ સરવાણી છે. ઉલેચવાની પ્રક્રિયા પણ જનવાણી જ છે. એનાથી રોજરોજ ઉલેચાયા વગર વીરડો મેલો ને બંધિયાર બની જશે.' આ સામગ્રીનો મુખ્ય આધાર સ્વામી આનંદના પોતાના તથા તેમને પરિચિત આગલી પેઢીની વ્યક્તિઓના તળપદા પ્રયોગો હોવાનું જણાય છે. તેમાં તેમણે કેટલીક મરાઠી, હિંદી, ઉર્દૂ વગેરેની સામગ્રી કેટલીક વાર ગુજરાતીકરણ કરીને ઉમેરી છે. તેમના થોડાક સહાયકોએ પણ આમાં 'ભગવદ્ગોમંડળ'ને આધારે કે અન્યથા કેટલીક શુદ્ધિવૃદ્ધિ (અર્થવિવરણ કે વ્યુત્પત્તિ પૂરતી?) કરી છે. આવી વિવિધ ભેળસેળ હોવા છતાં અહીં આપેલી સામગ્રી ભાષાવૈજ્ઞાનિક તથા ઇતર દૃષ્ટિએ મહત્ત્વની છે.

મરાઠી, હિંદી-ઊર્દૂ, અંગ્રેજી, સંસ્કૃત અને જૂની ગુજરાતી કૃતિઓ (પદો. ભજનો વગેરે) માંથી લીધેલી સામગ્રીને અને લાક્ષણિક પ્રયોગોને બાજુએ રાખી 'જૂની મૂડી'ના ખ્યાલ સાથે બંધબેસતી સામગ્રી વિશે એ શબ્દો. આ 'જુનવાણી' પ્રયોગોમાંથી ઘણાખરા અત્યારના નિત્યના ગ્રામીણ વ્યવહારમાં (કે એ ત્રણ પેઢી પહેલાં શહેરમાં આવી વસેલાની બોલીઓમાં) પ્રચલિત છે – જો કે હવે તે ઝડપથી લુપ્ત થઈ રહ્યા છે. જાતઅનુભવ કહું તો, અધઝારી, અદ્ધવું, અંધોળ, આસવતું, ઉખરડો, ઉતરડ, ઓઘવાડો, ઓસાણ, કડૂસલો, કળસલું, કારસો, કાહટી, કાંટચ, કોડું, કોશર, કોળી, ખોપી, ગરભોળું, ધૂનો, જાસલ, ઝાંપી, ઠોસો, તા, પ્રોત, પોટો, ફેલ, મલોખું, મળી, મામાટલું, માંકડી, મુસ્ટંડો, મેરાયું, મોભારો, સૂંથિયું, સોરવવું, હલંદસ્તો જેવા શબ્દો ગોહિલવાડીમાં પ્રચલિત છે.

[અનુસંધાન પૃ. ૧૭૯ ઉપર

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

With Best Compliments From...

ALWAYS INSIST ON RUSTOM FABRICS

* 100% Polyester Printed Shirting and Dress Materials
* Wash & Wear Dyed Poplins & Prints
* Fancy Screen Print, Poplins, Cambrics etc.
* "RUSCORISED" (PRE-SHRUNK) Poplins, Checks, Dyed Merc.

: Authorised Retail Shop :

V & U, Ashram Road, Ahmedabad - 380 009

RUSTOM MILLS
&
INDUSTRIES LTD.

P. B. No. 131, AHMEDABAD - 380 001

Gram : "Uplit"
Telex : 012-489

Tele. : 24327
& 24328

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

જો શબ્દનો જ્યોતિ સર્વત્ર પ્રકાશતો ન હોય તો
આખું ય વિશ્વ અંધકારમય બની જાય.
—દંડી



શુભેચ્છક

કનુભાઈ એન્જિનિયર્સ પ્રા લિ૦

૩, મેંગો લેન, કલકત્તા-૭૦૦ ૦૦૧

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

COMMERCE

An authoritative source of facts, figures and comments on India's industry, agriculture trade, banking, commodities and the economy as a whole, with an appropriate focus on international affairs.

All the facts of current development in the Indian economy are continuously and closely studied by the staff of the Commerce Research Bureau on the basis of the latest available primary data. The results of these studies are made available to the wider public through the pages of Commerce.

This makes Commerce an invaluable source of authentic information for Colleges, Universities and everyone concerned with the academic world.

Annual Subscription : **Rs. 125-00**
Half yearly : **Rs. 65-00**
Single copy : **Rs. 2-50**

Editor : **VADILAL DAGLI**

Commerce Publication Ltd.

Manek Mahal (6th Floor), 90, V. N. Road,
Off Churchgate, BOMBAY - 400020.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ

સંપાદકો

ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ, યશવન્ત શુક્લ

સહાયક સંપાદક

ચિમનલાલ ત્રિવેદી

ગ્રંથ ૩ (પ્ર૦ આ૦ ૧૯૭૮)

ત્રીજા ગ્રંથથી અર્વાચીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસ-લેખનનો આરંભ થાય છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યનાં પરિબળો નિરૂપતી 'ભૂમિકા' પછી આ ગ્રંથમાં દલપતરામ, નર્મદ, નંદશંકર, નવલરામ, ગોવર્ધનરામ, બાલાશંકર, મણિલાલ, નરસિંહરાવ, કાન્ત, રમણભાઈ નીલકંઠ, આનંદશંકર, બલવન્તરાય, કલાપી આદિ આપણા પ્રમુખ સાહિત્યકારો તથા આ સમયાવધિના અન્ય કવિઓ અને ગદ્ય-લેખકોના પ્રદાનને આલેખવામાં આવ્યું છે. દલપતરામથી કલાપી સુધીના સાહિત્યકારો આ ગ્રંથમાં આવરી લેવામાં આવ્યા છે.

[કિં. રૂ. ૧૭-૦૦
પૃષ્ઠસંખ્યા ૬૬૦]

ગ્રંથ ૪ (પ્ર૦ આ૦ ૧૯૮૧)

ચોથા ગ્રંથમાં કવિ ન્હાનાલાલથી આરંભી ઝવેરચંદ મેઘાણી સુધીના અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ આલેખવામાં આવ્યો છે. આરંભમાં આ સમયાવધિનાં પરિબળો નિરૂપતી 'ભૂમિકા' આપીને એમાં ન્હાનાલાલ, ખબરદાર, ખોટાદકર-લલિત આદિ કવિઓ, કનૈયાલાલ મુનશી, વાર્તા, નવલકથા-નિબંધ-ચરિત્ર-સંશોધન-જૂની રંગભૂમિ વ. ક્ષેત્રે અર્પણ કરનાર ગદ્યલેખકો, ગાંધીજી, કાકાસાહેબ કાલેલકર, મશરૂવાળા, પં. સુખલાલજી, સ્વામી આનંદ, મુનિ જિનવિજયજી, મહાદેવભાઈ દેસાઈ આદિ નિબંધ-ચરિત્ર-સંશોધન-સંપાદન-કેળવણી-બાલસાહિત્ય-અનુવાદ આદિ અનેક ક્ષેત્રોમાં પ્રદાન કરનાર ગદ્યલેખકો, રામનારાયણ પાઠક, રામપ્રસાદ-વિજયરાય-રસિકલાલ-વિશ્વનાથ-વિષ્ણુપ્રસાદ-ડોલરરાય એ છ સાક્ષરો, રમણલાલ દેસાઈ, ચૂ. વ. શાહ, ગુણવંતરાય એ ત્રણ નવલકથાલેખકો, તેમ જ ધૂમકેતુ અને ઝવેરચંદ મેઘાણીના અર્પણને આવરી લેવામાં આવ્યું છે.

[કિં. રૂ. ૩૨-૫૦
પૃષ્ઠસંખ્યા ૪૬૮]

[પ્રત્યેક ગ્રંથમાં પ્રકરણવાર સંદર્ભગ્રંથોની સૂચિ અને સવિસ્તર શબ્દસૂચિ]

પ્રકાશન-વિભાગ

ગુજરાતી સાહિત્ય પરિષદ

ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમ રસ્તો, પો. બો. નં. ૪૦૬૦
અમદાવાદ – ૩૮૦ ૦૦૯

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

OBM/1243 GUJR

"અરે, ફેવિકોલ હોય પછી ઢીંગલી બનાવવામાં કેટલી વાર!"

ધંધાદારી કારીગરોની પ્રથમ પસંદગી પામેલું આ ફેવિકોલ આપ પણ આવાં અનેક કામ માટે સદા હાથવગું જ રાખો. ગમે ત્યારે ફેવિકોલની જરૂર પડવાની જ!

ઑલ ઇન્ડિયા હૅન્ડીક્રાફ્ટ ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ તેમજ હસ્તકલાની અન્ય સંસ્થાઓમાં ફેવિકોલ વધુને વધુ પ્રમાણમાં વપરાય છે.

ફેવિકોલ વડે આપ ફાવે તે ચોંટાડો:

- કાગળ
- થર્મોકોલ
- લાકડું
- કાપડ
- માટીની ચીજ-વસ્તુઓ
- આભલાં

ને એવી ઘણીખરી વસ્તુઓને ફેવિકોલ સિન્થેટિક રેઝિન એડ્હેસિવ જલદી અને મજબૂત રીતે ચોંટાડી દે છે.

કામગીરી દરેક વખતે જુઓ તો સ્વચ્છ, સુઘડ, સુંદર ને સફાઈદાર!

ચોંટાડવા અને જોડવા માટે સર્વોત્તમ

ફેવિકોલ

કારીગરોનું માનીતું અજોડ એડ્હેસિવ.

Courtesy: AIHTT.C,

Ⓡ આ [logo] અને ફેવિકોલ બ્રાન્ડ, બન્નેયે પિડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ, પો. બૉ. નં. ૧૧૦૮૪, મુંબઇ-૪૦૦ ૦૨૦ના રજિસ્ટર્ડ ટ્રેડ માર્ક્સ છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

આપણે સૌ ભારતીય છીએ

— સૌ એક સદ્‌માર્ગે અનુસરીએ।
પરસ્પર વફાદાર રહીએ।
એકબીજાંના ઘાતક ન બનીએ।
હિંસા ન આચરીએ।
બીજાંના દૃષ્ટિબિંદુને સમજીએ।
અને સંગઠિત બનીએ॥

ઋગ્વેદ



દુનિયાની સાત વ્યક્તિઓમાં
એક ભારતીય છે.
વિભિન્ન જાતિઓમાં વહેંચાયેલ છતાં
આપણે એક પ્રજા છીએ.
ભારતીય હોવાનું આપણને ગૌરવ છે.

માહિતી-ગુજ-૫-'૯૪

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

લોકકલા શ્રેણી–૪–માતાની પછેડી.

ગુજરાતમાં સાબરમતીને કાંઠે પઢાત કોમના લોકો વર્ષોથી માતાની પછેડી રંગતા આવ્યા છે. પછેડીના રેખાંકનમાં કપડાના મધ્યમાં જોગણી, અંબામાતા, બહુચરા, ભદ્રકાલી, કાળકા,ચામુંડા અને ખોડિયાર , એમ સાત માતાજીમાંથી કોઈ પણ એકની આકૃતિ આલેખી હોય છે. માતાજી તેના વાહન પર બિરાજમાન હોય છે અને તેની આજુબાજુ દેવો અને ભક્તજનોનાં ચિત્રો હોય છે. મૂળે પૂજા વેળાએ માતાની મૂર્તિના પાર્શ્વભૂમાં રાખવામાં આવતી પછેડી હવે તો ઘરે ઘરે બેઠકખંડમાં ભીંત-શણગાર માટે વપરાતી થઈ ગઈ છે.

પછેડી ચિત્રકૌશલ્ય તેના લોહી જેવો ઘટ્ટ લાલ, મેશ જેવો કાળો અને સફેદ રંગો થકી એક નોખી અને અનેરી ભાત પાડે છે. દેશી હાથવણાટ અથવા મિલનું એ કાપડ પછેડી બનાવવા વપરાય છે, કારણ કે રંગ ચડાવવામાં સરળ બને છે. કાટ ખાધેલા લોખંડને ખૂબ તપાવી ગોળના પાણીમાં આઠ દિવસ સુધી ખુલ્લામાં તડકા નીચે રાખવામાં આવે છે લોખંડ ધીરે ધીરે પીગળી જતાં તેમાં કચુકાનો લોટ નાખી મિશ્રણ બનાવાય છે, જે રંગ તરીકે વપરાય છે.

આજે અતુલમાં–તરેહ તરેહનાં રંગ દ્રવ્યો (ડાઈઝ) રાસાયણિક રીતે તૈયાર થાય છે. આ ડાઈઝની મદદથી સુતરાઉ, શણના, ઊનના, રેશમી, આર્ટસિલ્કના તેમજ માનવ સર્જિત સિન્થેટિક કાપડથી માંડીને ચામડું તથા કાગળ પર પણ સુંદર રંગકામ કરી શકાય છે.

આ ઉપરાંત અતુલ ડાઈ ઈન્ટરમીડિએટસનું ઉત્પાદન કરે છે, જેની મદદથી ડાઈઝ તથા સફેદને અધિક ઉજ્જવળ કરી દેનાર ઓપ્ટિકલ વ્હાઈટનીંગ એજંટ બનાવી શકાય છે.

"રંગ રાસાયણિક, આધુનિક સૌ ચાંજે સોહાય,
'અતુલ'ના સર્વોત્તમ રંગે સૌ કોઈ મોહાય."

®ધી અતુલ® પ્રૉડક્ટ્સ લિ.

અતુલ-વિરાટ રાસાયણિક સંકુલ
પો. ઑ. અતુલ, જિલ્લો : વલસાડ–૩૯૬૦૨૦
ગુજરાત (ભારત)
ફોન : ૬૧ તાર : "TULA" અતુલ
ટેલેક્સ : "૦૧૭૩–૨૩૨ અતુલ ઇન"



Adroit-1366

For Private and Personal Use Only